
વર્ષ : ૬૬ ■ અંક : ૨ ■ તા.૧૬-૧-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

# सोमनाथ स्वाभिमान पर्व

अटूट आस्था के
**1000 वर्ष**



# હર હર મહાદેવના જય ઘોષ સાથે જન નાયક











**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

**Year : 66 ■ Issue : 2 ■ Date : 16 - 1 - 2026**

**તંત્રી** : કે. એલ. બચાણી
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : જયેશ દવે
**સંપાદક** : મનીષા વાઘેલા
**સહસંપાદક** : બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**લેઆઉટ ડિઝાઇન** : મૌલિક એમ. રાજપૂત
**વિતરણ વિભાગ** : ગીતા દેસાઇ, દામિની ચૌહાણ, મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફરિયાદ એડ્રેસ** : gujaratpaxik1@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજવાયેલ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' આસ્થા, આત્મસન્માન અને અડગ સંકલ્પને નવી ઊંચાઈએ લઇ જશે.
- ભગવાન સોમનાથનું ભવ્ય મંદિર માત્ર ઈંટ પથ્થર નહીં, પરંતુ સરદાર સાહેબની સંકલ્પ શક્તિનું પ્રતીક છે.
- વાઈબ્રન્ટ સમિટની સફળતાના પરિણામે રાજ્યમાં બે દાયકામાં રૂ. ૩.૫૭ લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું.
- વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રી તરીકે ૨૪ કલાક વીજળી અને સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપન આપી ગુજરાતને દેશમાં નંબર વન બનાવ્યું છે.
- છેવાડાના માનવીના હિતનો સંકલ્પ અને સૌના સાથ-સૌના વિકાસ-સૌના વિશ્વાસ-સૌના પ્રયાસના મંત્રથી વિકાસની ચરમ સીમાનું ઉદાહરણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વએ પૂરું પાડ્યું છે.
- પરિશ્રમ-પ્રામાણિકતા અને સ્વાભિમાન સાથે જીવતા આદિવાસી સમાજના સર્વગ્રાહી વિકાસ માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી રૂ. ૨ લાખ કરોડની જનજાતિય કલ્યાણ યોજના દેશ માટે દિશાદર્શક.
- વિકસિત-આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આદિવાસી ઉદ્યોગો-હસ્તકલા કારીગરો-MSMEને યોગદાન આપવામાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળો નવી દિશા આપશે.
- શહેરી વિકાસ વર્ષને પરિણામ સ્વરૂપ રાજ્યના નગરો અને મહાનગરો લિવેબલ સિટીઝ બન્યા છે.
- ગુજરાત આજે "ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર" બની પ્રગતિના નવા બેન્ચમાર્ક સેટ કરી રહ્યું છે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**

## આકર્ષણ





૬ પ્રતિભાવ



૭ સ્વાભિમાન



૨૭ વિકાસયાત્રા



33 ફોટોફિચર



૩૮ વિકાસ દર્પણ




૪૦ સમાચાર વિશેષ

૮ કવર સ્ટોરી



૨૬ સ્વદેશી



૩૬ ફોરમ



૪૧ નિર્ણય

૪૪ પ્રાકૃતિક કૃષિ

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દ યાત્રા

# આસ્થા, ઉત્સવ અને વિકાસની ત્રિવેણી



**રત્નાકર ઘૂઘવતો, ગૂંજતો ડમરુ નાદ**
**શત દશકે અખંડ ; સોમૈયાનું સ્વાભિમાન**

માત્ર ગુજરાતની જ નહીં, સમગ્ર ભારતવર્ષની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતીક એટલે સોમનાથ. વિનાશથી વિકાસની સફરનું સાક્ષી એટલે સોમનાથ. ૧૨ જ્યોતિર્લિંગમાંના પ્રથમ એવા સોમનાથ પર એક કરતાં વધુ વખત થયેલાં આક્રમણો બાદ પણ મંદિર અડીખમ ઊભું રહી હજાર વર્ષ પરિપૂર્ણ કરવાના અવસરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતે 'સ્વાભિમાન પર્વ' તરીકે ઊજવ્યું. વર્ષ ૧૦૨૬થી ૨૦૨૬ સુધી સંઘર્ષ, શૌર્ય, વીરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રદ્ધાનાં ૧૦૦૦ વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો સંદેશ નવી પેઢીમાં ભારતની શાશ્વત સનાતન સંસ્કૃતિની ગાથાને આત્મસાત્ કરવાની પ્રેરણા આપનારો ઉત્સવ બની રહ્યો. 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત ગુજરાતભરમાંથી સોમનાથ પધારેલા આશરે ૨૫૦૦ જેટલા ઋષિકુમારો દ્વારા ૭૨ કલાક સુધી અખંડ ઓમકારનો નાદ ગુંજ્યો.

ઓમકારના નાદ સાથે ગુજરાતમાં ગૂંજતા વિકાસના નાદને ગુર્જરવાસીઓએ "વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ" દ્વારા અનુભવ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૨૬ના પ્રારંભ બાદ ગુજરાતની પ્રથમ સુખદ યાત્રામાં સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સમાં સહભાગી બન્યા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ લોન્ચ કરીને ગુજરાતને ઈન્વેસ્ટમેન્ટ અને મેન્યુફેક્ચરિંગની દિશામાં ખૂબ મોટું પ્રોત્સાહન આપ્યું છે. વાઈબ્રન્ટથી રોપાયેલું વિકાસનું બીજ આજે વટવૃક્ષ બન્યું છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગોએ આકાશમાં ઉડાન ભરી, ત્યારે બે મહાન રાષ્ટ્રોની મિત્રતા પણ નવી ઊંચાઈએ પહોંચી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝની ઉપસ્થિતિમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (IKF)-૨૦૨૬'નો ભવ્ય શુભારંભ કર્યો. સાથોસાથ લોકો માટે ઝડપી, સુરક્ષિત અને આરામદાયક મુસાફરી માટે વડાપ્રધાનશ્રીએ ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનેથી મેટ્રો રેલને પ્રસ્થાન કરાવ્યું હતું.

ગુજરાતના વિકાસની હારમાળામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિકાસકામરૂપી મોતીઓની પરોવણી પણ ગુજરાતવાસીઓએ અનુભવી. અમદાવાદમાં 'ફ્લાવર શૉ' અને મહેસાણા જિલ્લા અને શહેરના લોકો માટે કુલ રૂ. ૮૩૬ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેવી વિગતવાર માહિતી પણ આ અંકમાં વાચકોને જાણવા મળશે, તેમજ 'સ્વદેશી' લેખમાળા રૂપે રજૂ કરવામાં આવેલું નજરાણું વાચકોને ગમશે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ
# પ્રતિભાવ

આગામી અંક માટે વાચકોએ **સોમનાથ સ્વાભિમાન પર્વ** વિષય પર પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી અથવા બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે.

૨૬ જાન્યુઆરી માત્ર કૅલેન્ડરની તારીખ નથી રહેતી, તે દરેક ભારતીયના હૃદયમાં ગુંજતો રાષ્ટ્રગાનનો ધ્વનિ બની જાય છે. સૂર્યનું પ્રથમ કિરણ જ્યારે ત્રિરંગાને સ્પર્શે છે, ત્યારે ઘરોની અગાસી પર અને મેદાનોમાં ઉત્સાહ છવાઈ જાય છે. 'જય હિન્દ'નો નાદ માત્ર સૂત્ર નથી, પરંતુ દેશ માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ છે. આ પર્વ આપણને ભારતીય તરીકે એક કરે છે. ગણતંત્ર દિવસ આપણને આદર્શો સાથે બંધારણનું સન્માન જાળવવાનું પણ શીખવે છે.

**અભયરાજસિંહ રાણા** (જામનગર)

દર વર્ષે ૨૬ જાન્યુઆરીએ સમગ્ર દેશ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરે છે. ૧૯૫૦માં આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું અને ભારત સ્વતંત્ર, સાર્વભૌમ અને લોકશાહી પ્રજાસત્તાક દેશ બન્યો હતો. ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબું અને વિસ્તૃત લેખિત બંધારણ ગણાય છે, જે દરેક નાગરિકને સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને ભાઈચારાની ભાવના આપે છે. આ દિવસે નવી દિલ્હીમાં રાજપથ પર ભવ્ય પરેડ યોજાય છે. આ પરેડમાં ભારતીય સેનાની શૂરવીરતા, અર્ધસૈનિક દળોની શક્તિ અને વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓ રજૂ થાય છે. શાળાઓ, કૉલેજો અને સરકારી કચેરીઓમાં ધ્વજવંદન, ભાષણો, દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. આ દિવસ આપણને સ્વાતંત્ર્ય સેનાનીઓનાં બલિદાન અને બંધારણ રચનામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાન યોગદાનની યાદ અપાવે છે. પ્રજાસત્તાક દિવસ આપણામાં દેશપ્રેમ, એકતા, શિસ્ત અને જવાબદાર નાગરિકત્વની ભાવના વિકસાવે છે.

**નિકિતા જાડેજા** (દ્વારકા)

બંધારણ છે શાન અમારી,<br>
લોકશાહી છે ઓળખ અમારી,<br>
ત્યાગ, સત્ય અને સમર્પણથી,<br>
ઝળહળે ભારતની ગૌરવ ગાથા અમારી.

પ્રજાસતાક એટલે દેશનો સાચો માલિક કોઈ રાજા કે શાસક નથી, દેશની પ્રજા પોતે છે. પ્રજાસત્તાક દિવસ માત્ર એક તારીખ નથી, પરંતુ લાંબી સ્વતંત્રતા લડતનું પરિણામ છે, ભારતની લોકશાહીના આત્માનું પ્રતીક છે. એ દિવસે આપણે શહીદોનાં બલિદાન યાદ કરીએ, પ્રજા તરીકે પોતાના અધિકાર અને ફરજ અંગે વિચારીએ અને દેશભક્તિ સાથે ઉજવણી કરીએ.

**રૂષિતાબા** (ભાવનગર)

'નથી મફતમાં મળતા, એનાં મૂલ ચૂકવવા પડતાં'- એ અનુસાર આજે આપણે જે મૂળ અધિકારો, સ્વતંત્રતા અને ન્યાયને ભોગવી રહ્યા છીએ એ મફતમાં એટલે કે સરળતાથી નથી મળ્યાં. આપણા મહાપુરુષોના સંઘર્ષનું એ પરિણામ છે, લાંબી લડત પછી આપણને મળ્યાં છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણે ભારત દેશ માટે બંધારણ અમલમાં લાવ્યા અને ભારત દેશ બ્રિટિશ તાજથી મુક્ત બન્યો. પ્રજાસત્તાક દિવસ આપણને બંધારણનાં મૂલ્યોને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે છે. સાચી ઉજવણી ત્યારે જ કહેવાશે કે જયારે આપણે જવાબદાર નાગરિક બની દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપીએ, લહેરાતા તિરંગાની સામે આપણા ભારત દેશને સ્વચ્છ, સુંદર અને દુષણમુક્ત બનાવાની પ્રતિજ્ઞા લઈએ.

**દિવ્યાબા ઝાલા** (સુરેન્દ્રનગર)

ભારતમાં દર વર્ષે ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસ ઊજવવામાં આવે છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ સંવિધાન અમલમાં આવ્યું અને ભારત એક લોકશાહી તથા પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે સ્થાપિત થયું. આ દિવસે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિના વરદ હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવે છે. ત્યારે ત્રણેય સેનાની ટુકડીઓની ભવ્ય પરેડ યોજાય છે, જે દેશની સુરક્ષા ક્ષમતા, શિસ્ત અને રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ રજૂ કરે છે. પ્રજાસત્તાક દિવસ નાગરિકોને તેમના મૂળભૂત અધિકારો અને ફરજોનું સ્મરણ કરાવી સંવિધાન પ્રત્યેની નિષ્ઠા અને જવાબદાર નાગરિકત્વની ભાવના વિકસાવે છે. આપણો ત્રિરંગો હંમેશાં ઊંચી ઉડાન ભરે તેવી શુભેચ્છા સાથે, ભારતના પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામનાઓ.

**હિરલ** (નડિયાદ)

# સોમનાથ સ્વાભિમાન પર્વ

## અખંડ આસ્થાનાં ૧૦૦૦ વર્ષ (૧૦૨૬-૨૦૨૬)

સોમનાથ... શબ્દ સાંભળતાં જ આપણાં હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતના આત્માની શાશ્વત ઘોષણા છે. આ ભવ્ય મંદિર ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં પ્રભાસ પાટણ નામના સ્થળે આવેલું છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં ભારતભરનાં ૧૨ જ્યોતિર્લિંગોનો ઉલ્લેખ છે. સ્તોત્રની શરૂઆત "सौराष्ट्रे सोमनाथं च.."થી થાય છે, પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથ સભ્યતાનું પ્રતીક છે. એમ કહેવાય છે કે,

सोमलिङ्गं नरो दृष्ट्वा सर्वपापैः प्रमुच्यते।
लभते फलं मनोवाञ्छितं मृतः स्वर्गं समाश्रयेत्॥

દુર્ભાગ્યવશ, લોકોની શ્રદ્ધા અને પ્રાર્થનાનું કેન્દ્ર સોમનાથ, જેના પર વિદેશી આક્રમણકારો દ્વારા હુમલો કરવામાં આવ્યો, જેમનો ઇરાદો ભક્તિનો નહીં પણ વિનાશનો હતો. વર્ષ ૨૦૨૬માં સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાને ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. જાન્યુઆરી ૧૦૨૬માં ગઝનવીના મહમૂદે મંદિર પર હુમલો કરી બર્બર આક્રમણ દ્વારા શ્રદ્ધા અને સભ્યતાના પ્રતીકને નષ્ટ કરવાના પ્રયાસ કર્યો છતાં એક હજાર વર્ષ પછી પણ સોમનાથ આજે પણ એટલું જ ભવ્ય છે. સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણની પવિત્ર ફરજ સરદાર વલ્લભભાઈ પટેલના સમર્થ હાથોમાં આવી.૧૯૪૭માં દિવાળીમાં મુલાકાત સમયે તેમણે મંદિરના પુનઃનિર્માણની જાહેરાત કરી અને ૧૧ મે ૧૯૫૧ના રોજ દેશના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં, પુનઃનિર્મિત મંદિરનાં દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યાં હતાં. સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણ, નગરના લોકો પર આચરેલી ક્રૂરતા અને મંદિર પર થયેલા વિનાશનું દસ્તાવેજીકરણ વાંચીએ ત્યારે હૃદય કંપી ઊઠે છે.

સોમનાથની કથા પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ તેના વિનાશ દ્વારા વ્યાખ્યાયિત થતી નથી. તે ભારતમાતાનાં કરોડો સંતાનોના અતૂટ સાહસ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ૧૮૯૦ના દાયકામાં, સ્વામી વિવેકાનંદને પણ સોમનાથ દર્શનથી દિવ્ય અનુભવ થયો હતો. સોમનાથનો ઉલ્લેખ કે.એમ.મુનશીના પ્રયાસોને યાદ કર્યા વિના અધૂરો છે, જેમણે સરદાર પટેલને ખૂબ જ અસરકારક રીતે સાથ આપ્યો હતો. 'સોમનાથ: ધ શ્રાઈન એટર્નલ' પુસ્તક સહિત સોમનાથ પરનાં તેમનાં કાર્યો અત્યંત માહિતીપ્રદ અને શિક્ષિત કરનારાં છે.


ગીતાના પ્રખ્યાત શ્લોક "नैनं छिन्दन्ति शस्त्राणि" મુજબ, જે શાશ્વત છે તે અવિનાશી છે એવું આપણે દૃઢપણે માનીએ છીએ. આપણી સભ્યતાના અદમ્ય ઉત્સાહનું સોમનાથથી વધુ ઉત્તમ ઉદાહરણ બીજું કોઈ હોઈ શકે નહીં, જે મુશ્કેલીઓ અને સંઘર્ષો પર વિજય મેળવીને ભવ્ય રીતે ઊભું છે.

આ જ ભાવના આપણા રાષ્ટ્રમાં જોવા મળે છે. સદીઓનાં આક્રમણો અને સંસ્થાનવાદી લૂંટને પાર કરી વૈશ્વિક વિકાસનાં તેજસ્વી સ્થળોમાંનું એક છે. વિશ્વ ભારતને આશા સાથે જોઈ રહ્યું છે.

૧૦૨૬ના પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, સોમનાથના કિનારાને સ્પર્શતી દરિયાની લહેરો એક ગાથા ગાય છે. ભલે ગમે તે થાય, મોજાંની જેમ તે વારંવાર ઊઠતું રહેશે. ભૂતકાળના આક્રમણકારો ઇતિહાસમાં ધરબાઈ ગયા છે, જ્યારે સોમનાથ તેજસ્વી રીતે ઊભું છે. જો સોમનાથ મંદિર એક હજાર વર્ષ પછી પણ ઊભું હોય, તો આપણે આપણા મહાન રાષ્ટ્રને તે ગૌરવ અપાવી શકીએ જે એક હજાર વર્ષ પહેલાં હતું.

શ્રી સોમનાથ મહાદેવના આશીર્વાદ સાથે, આપણે આગળ વધીએ. વિકસિત ભારતના નવા સંકલ્પ સાથે, જ્યાં સભ્યતાનું જ્ઞાન આપણને વિશ્વના કલ્યાણ માટે કામ કરવા માર્ગદર્શન આપે છે. જય સોમનાથ!

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી,**
**વડાપ્રધાન, ભારત**





# સોમનાથ સ્વાભિમાન પર્વ

अटूट आस्था के 1000 वर्ष



## અજેય ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનો પ્રચંડ જયઘોષ

અનાદિકાળથી આદર્શનિષ્ઠ જીવનની પ્રેરણા આપતા સનાતન ધર્મ, આસ્થાએ ભારત વર્ષને એક મહાન સંસ્કૃતિ અને દેશ તરીકે પ્રસ્થાપિત કર્યો છે. 'સોમનાથ ભારતીય પ્રજાની અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે. તે 'અનંત જ્યોતિ' છે, જે પેઢી દર પેઢી ભારતને તેના સાંસ્કૃતિક મૂળ સાથે જોડી રાખવા સાથે સ્વાભિમાનથી જીવવાની પ્રેરણા આપે છે. જે રીતે ગંગા નદી પહાડોમાંથી નીકળીને અનેક વળાંકો લેવા છતાં સમુદ્ર સુધી પહોંચીને પોતાની પવિત્રતા ટકાવી રાખે છે, તે રીતે સોમનાથનો ઇતિહાસ પણ સંઘર્ષો છતાં પોતાની ગરિમા જાળવી રાખી 'અનંત' રહ્યો છે.

સ્વયંના અંતરનો નાદ એટલે ઓમકાર. 'સ્વ'માં તલ્લીન કરી પરમચેતનાને ઉજાગર કરતો નાદ એટલે ઓમકારનાદ... 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત ગુજરાતભરમાંથી સોમનાથ પધારેલા આશરે ૨૫૦૦ જેટલા ઋષિકુમારો દ્વારા ૭૨ કલાક સુધી અખંડ ઓમકારનો નાદ ગુંજ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અરબી સમુદ્ર કિનારે બિરાજમાન ભગવાન સોમનાથ મંદિર પર વિધર્મી આક્રાંતાઓ દ્વારા થયેલા હુમલાને એક હજાર વર્ષના અનુસંધાને યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થઈ અખંડ ઓમકારના નાદ સાથે અજેય ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનો જયઘોષ કર્યો હતો.

તેમણે શૌર્યસભામાં બુલંદ સ્વરે જણાવ્યું હતું કે, પાછલાં એક હજાર વર્ષ આગામી દશકો સુધી ભારતનું ભવિષ્ય ઘડવાની શીખ આપે છે. સોમનાથ મંદિર માત્ર એક ધાર્મિક કેન્દ્ર નથી, પરંતુ ભારતની અડગ આસ્થા, સ્વાભિમાન અને સાંસ્કૃતિક ચેતનાનું પ્રતીક છે. સોમનાથનો ઇતિહાસ ભૂલવવાનો પ્રયાસ થયો હતો. તેનો ઇતિહાસ વિનાશ અને પરાજયનો ઇતિહાસ નથી, પરંતુ વિજય અને પુનઃનિર્માણનો ઇતિહાસ છે.

સ્વાભિમાન પર્વ પ્રસંગે સોમનાથના વિવિધ માર્ગો ખૂબ જ સુંદર રીતે રોશની અને આધ્યાત્મિક ચેતનાનાં પ્રતીકો સાથે શણગારવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાતમાંથી શિવ ભક્તો ટ્રેન અને બસ મારફતે સોમનાથમાં પર્વની ઉજવણીમાં સામેલ થયા હતા. સુરત રેલવે સ્ટેશનથી સુરત અને વેરાવળની સ્પેશિયલ ટ્રેનને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ફ્લેગઑફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

૭૨ કલાકના અખંડ ઓમકાર મંત્રોચ્ચારથી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્ય બન્યું હતું. વર્ષ ૧૦૨૬થી ૨૦૨૬ સંઘર્ષ, શૌર્યતા, વીરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રદ્ધાનાં ૧૦૦૦ વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો આ સંદેશ નવી પેઢીમાં ભારતની શાશ્વત સનાતન સંસ્કૃતિની ગાથાને આત્મસાત્ કરવાની પ્રેરણા આપી રહી છે.




આ સાથે સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત સહિત દેશનાં શિવાલયોમાં સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ઓમકાર જાપ કરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ઓમકાર નાદમાં ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદિરથી શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા.

સર્જનનો માર્ગ લાંબો હોય છે પણ ચિરકાલીન હોય છે. સોમનાથ સ્વાભિમાન પર્વ વિનાશના સ્મરણ માટે નહીં, પરંતુ હજારો વર્ષની અડગ યાત્રા અને પુનર્નિર્માણની પરંપરાનો ઉત્સવ છે. જેમ સોમનાથ પર વારંવાર આક્રમણો થયાં, તેમ ભારત પર પણ વિદેશી આક્રમણકારો દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા, છતાં ન તો સોમનાથ નષ્ટ થયું અને ન તો ભારત, કારણ કે ભારતનો આત્મા અને તેની આસ્થાનાં કેન્દ્રો અવિનાશી છે.

સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં પોતાના પ્રવાસના દ્વિતીય દિને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન સોમનાથ સમક્ષ વિધિવિધાન પૂર્વક પૂજા-અર્ચના કરી હતી. તે પૂર્વે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાથે શૌર્ય-યાત્રા યોજી હતી. ૧૦૮ અશ્વો અને કેસરી સાફાધારી અસવારોની કૂચ સાથે નીકળેલી શૌર્ય-યાત્રા દરમિયાન વડાપ્રધાનશ્રી સહિતના મહાનુભાવોએ ભાવિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

દેશની અસ્મિતાના પ્રતીક સમા સોમનાથ મંદિરના રક્ષણ માટે શહીદી વ્હોરનારા વીર હમીરજી અને ભગ્ન મંદિરનું પુનરોત્થાન કરાવનારા અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સોમનાથનો ઈતિહાસ પરાજયનો નહીં પરંતુ વિજય, ધૈર્ય, ત્યાગ અને પુનર્નિર્માણનો ઈતિહાસ છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આટલી સદીઓની અડગ આસ્થા અને સંસ્કૃતિ પર વિશ્વના ઈતિહાસમાં વિરલ ઉદાહરણો જ મળે છે અને આવનારી પેઢીઓએ





આ વિરાસતને ગૌરવ સાથે આગળ વધારવી એ આપણું કર્તવ્ય છે.

સોમનાથ મંદિર પર ગઝનવીથી લઈને ઔરંગઝેબ સુધી અનેક આક્રમણકારોએ હુમલા કર્યા, પરંતુ તેઓ સનાતન પરંપરાના મૂળ આત્માને સમજી શક્યા નહોતા. તેમણે કહ્યું હતું કે 'સોમનાથ' નામમાં જ 'સોમ' એટલે અમૃતનો ભાવ સમાયેલો છે અને અહીં સ્થિત મહાદેવ ચૈતન્ય, કલ્યાણકારી તથા અવિનાશી શક્તિનું પ્રતીક છે. સોમનાથમાં વિરાજમાન ભગવાન શિવ 'મૃત્યુંજય' છે, જેમણે મૃત્યુને જીત્યું છે અને જે સમગ્ર સૃષ્ટિના સર્જન, પાલન અને લયના આધાર છે. ભારતની આસ્થા એવી છે કે અહીં કણ-કણમાં શિવનું દર્શન થાય છે, તેથી કોઈ પણ આક્રમણ આ આધ્યાત્મિક ચેતનાને નષ્ટ કરી શક્યું નથી.

વડાપ્રધાનશ્રીએ આઝાદી બાદના સમયગાળાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, સોમનાથના પુનર્નિર્માણ માટે સરદાર વલ્લભભાઈ પટેલે લીધેલો સંકલ્પ રાષ્ટ્રીય સ્વાભિમાનનું પ્રતીક હતો. ૧૯૫૧માં મંદિરના પુનર્નિર્માણ સમયે અનેક અવરોધો ઊભા કરાયા હતા, છતાં જામસાહેબ મહારાજા દિગ્વિજયસિંહજી જેવા મહાનુભાવોએ રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. શૌર્ય-સભાને સંબોધતાં વડાપ્રધાનશ્રીએ ૧૦૦૦ વર્ષ પૂર્વેના ઇતિહાસનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, આપણી આસ્થા અને શ્રદ્ધાના રક્ષણ માટે આપણા પૂર્વજોએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું. પ્રભાસ પાટણની આ પવિત્ર ભૂમિનો કણ-કણ પૂર્વજોનાં શૌર્ય, પરાક્રમ અને વીરતાનો જીવંત સાક્ષી રહ્યો છે.

અંતમાં વડાપ્રધાનશ્રીએ સોમનાથ સ્વાભિમાન પર્વને વિરાસત, આધ્યાત્મિકતા અને ગૌરવના સંગમ તરીકે ઓળખાવતાં કહ્યું, આ આયોજનમાં માત્ર ઉત્સવ નથી પરંતુ આત્મગૌરવની અનુભૂતિ છે. મહાદેવના સાંનિધ્યમાં આ ભવ્ય અને દિવ્ય આયોજન દ્વારા નવી પેઢીને ભારતીય સંસ્કૃતિના સામર્થ્ય અને શૌર્યનાં દર્શન થઈ રહ્યાં છે. આ તકે વડાપ્રધાનશ્રીએ ઉપસ્થિત ભાવિકોને 'હર હર મહાદેવ' ના જયઘોષ સાથે આસ્થાના આ મહોત્સવમાં જોડવા આહ્વાન કર્યું હતું.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોમનાથ સ્વાભિમાન પર્વને રાષ્ટ્રના આત્મસન્માન અને અતૂટ આસ્થાનું પર્વ ગણાવતાં જણાવ્યું હતું કે, ૧૨ જ્યોતિર્લિંગોમાં પ્રથમ એવું સોમનાથ મંદિર આપણી આસ્થા, આત્મસન્માન અને અડગ સંકલ્પનું પ્રતીક તો છે જ, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઊજવાઈ રહેલું સોમનાથ સ્વાભિમાન પર્વ આસ્થાની નવી ઊંચાઈઓ સર કરશે.

'જય સોમનાથ'ના બુલંદ નાદ સાથે વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે



વડાપ્રધાનશ્રીને આવકારવા એ ગૌરવની ક્ષણ છે. સોમનાથમાં યોજાયેલી ભવ્ય 'શૌર્ય-યાત્રા' અને ૭૨ કલાકના અવિરત 'ઓમકાર મંત્રજાપ'નો નાદ આજે સમગ્ર દેશમાં ગુંજી રહ્યો છે.

કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમનાથ એ સનાતન સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાનું સ્વાભિમાન છે તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓનું અભિમાન છે. ગિરનારી સંતો અને સાધુઓના આશીર્વાદથી પહેલીવાર જૂનાગઢના ભવનાથ ક્ષેત્રની બહાર દિગંબર સાધુઓની રવાડી નીકળી હતી. વડાપ્રધાનશ્રીના નેતૃત્વને સમગ્ર વિશ્વે સ્વીકાર્યું છે અને તેમના દૃઢ સંકલ્પથી ભારત વિશ્વગુરૂ બનવા તરફ જઈ રહ્યું છે. આ વેળાએ વિવિધ મહાનુભાવો દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત - સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદશ્રી રાજેશ ચુડાસમા સહિત આસપાસના જિલ્લાના સાંસદશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ, સાધુ-મહાત્માઓ અને શિવભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અને સંઘર્ષનો ઇતિહાસ

સોમનાથ મંદિરની ભવ્યતા અને સમૃદ્ધિ જ પ્રાચીન સમયમાં આક્રમણખોરો માટે આકર્ષણનું કારણ બની હતી. ઈ.સ. ૧૦૨૫-૨૬માં અફઘાનિસ્તાનના ગઝની પ્રાંતના સુલતાન મહમદ ગઝનવીએ સોમનાથ પર તેનું સૌથી વિનાશક આક્રમણ કર્યું હતું. ગઝનીએ મંદિરને ભારે નુકસાન પહોંચાડી સંપત્તિની લૂંટ ચલાવી. તેમ છતાં, ગઝની આસ્થાને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યો. તેના ગયા બાદ તુરંત જ ચૌલુક્ય (સોલંકી) શાસકોએ મંદિરનું પુનઃનિર્માણ કરી સંસ્કૃતિને જીવંત રાખી હતી.

ભારતની આઝાદી બાદ સોમનાથ મંદિરનું નવસર્જન એ રાષ્ટ્રીય આત્મગૌરવનો વિષય બન્યો હતો. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૭માં મંદિરને તેના મૂળ ગૌરવ સાથે પુનઃનિર્મિત કરવાનો સંકલ્પ કર્યો. તેમના માર્ગદર્શન હેઠળ પ્રખ્યાત શિલ્પકાર પ્રભાશંકર સોમપુરાએ પરંપરાગત ચાલુક્ય શૈલીમાં ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું. ઈ.સ. ૧૯૫૧માં પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યારે મંદિરનું લોકાર્પણ થયું, ત્યારે તેમણે તેને ભારતની સાંસ્કૃતિક પુનર્જાગૃતિનું પ્રતીક ગણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા બાદ સોમનાથના વિકાસમાં એક નવો આધુનિક અધ્યાય શરૂ થયો છે. તેમના દૂરંદેશી આયોજન હેઠળ મંદિર પરિસરને વૈશ્વિક કક્ષાનું પર્યટન સ્થળ બનાવવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓ માટે ડિજિટલ દર્શન, સુરક્ષા અને સુવિધાઓમાં અભૂતપૂર્વ વધારો કરાયો છે.

## આઝાદ ભારત અને સરદાર પટેલનો સંકલ્પ

સદીઓ સુધી ગુલામી અને અપમાન સહન કર્યા બાદ, જ્યારે ૧૯૪૭માં ભારત આઝાદ થયું, ત્યારે સોમનાથના ભાગ્યનો સૂર્ય ફરી ઊગ્યો. ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ ભારતના લોખંડી પુરુષ અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ સોમનાથના સમુદ્ર કિનારે ઊભા રહીને, હાથમાં સમુદ્રનું જળ લઈ ઐતિહાસિક પ્રતિજ્ઞા લીધી: "આજે નવા વર્ષના પવિત્ર દિવસે હું સંકલ્પ લઉં છું કે સોમનાથનું મંદિર ફરીથી બંધાશે અને ભારતની ગુમાવાયેલી પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત થશે." સરદારસાહેબના આ સંકલ્પને કનૈયાલાલ મુનશી (જેઓ સોમનાથ ટ્રસ્ટના સ્થાપક સભ્ય હતા) અને અન્ય નેતાઓનો સાથ મળ્યો.

**પ્રાણ-પ્રતિષ્ઠા :** ૧૧ મે ૧૯૫૧નો દિવસ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે શાસ્ત્રોક્ત વિધિ સાથે નવનિર્મિત મંદિરમાં જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા કરી.

તે સમયે ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહેલા શબ્દો આજે પણ ગુંજે છે:

"સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતીક છે. જે તોડી પાડવાનું સામર્થ્ય ધરાવે છે તેના કરતા સર્જન કરનારનું સામર્થ્ય હંમેશાં વધુ હોય છે." સોમનાથ મંદિરનો ઇતિહાસ એ માત્ર પથ્થરોની ઈમારતની વાત નથી, પણ તે માનવ સંકલ્પ અને શ્રદ્ધાની અમર કથા છે. ચંદ્રદેવથી લઈને સરદાર પટેલ સુધી, અને રાવણથી લઈને અહિલ્યાબાઈ સુધી, અનેક યુગો અને પાત્રો આ પવિત્ર ભૂમિ સાથે જોડાયેલાં છે.



# એક ભારત, શ્રેષ્ઠ ભારતનું પ્રતીક બનતી શૌર્યયાત્રા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વની શૌર્યયાત્રામાં સહભાગી થઈ ખુલ્લી જીપમાં હજારો શિવભક્તો-ગુજરાત અને દેશભરના પ્રવાસીઓ ભાવિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

સોમનાથના શંખ સર્કલથી શરૂ થયેલી આ શૌર્યયાત્રામાં વડાપ્રધાશ્રીએ પ્રારંભે શિવનું પ્રિય વાદ્ય ડમરુ લઈ શિવભક્તોનો ઉત્સાહ વધાર્યો હતો. હર હર મહાદેવ - જય સોમનાથ - ભારત માતા કી જયના નાદ, ઋષિ કુમારોનો શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર ઉપરાંત કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારતનાં વિવિધ રાજ્યોના કલાકારોએ ૨૦થી વધુ પ્લૅટફૉર્મ પર ભારતની પ્રાચીન અને સમૃદ્ધ કલા વારસાને ઉજાગર કરતી સાંસ્કૃતિક કૃતિઓ - નૃત્ય રજૂ કરી આ યાત્રાને ઐતિહાસિક અને દિવ્ય બનાવી હતી.

આ શૌર્યયાત્રા એક ભારત, શ્રેષ્ઠ ભારતનું પણ પ્રતીક બની હતી અને સોમનાથની વિરાટ અને શાશ્વત આધ્યાત્મિક ચેતનાના પણ આ શૌર્ય યાત્રામાં દર્શન થયાં હતાં.

આ યાત્રામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી પણ વડાપ્રધાનશ્રીની સાથે સહભાગી થયા હતા.

લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહભાગી થયા ત્યારે સોમનાથના શંખ સર્કલ પર 'હર હર મહાદેવ..' અને 'જય સોમનાથ'ના દિવ્ય જયઘોષ સાથે હજારો લોકોએ વડાપ્રધાનશ્રીનું પુષ્પોથી સ્વાગત કર્યું હતું.

પ્રભાસક્ષેત્રની પુણ્યભૂમિ પર શંખ સર્કલથી શરૂ થયેલી આ 'શૌર્યયાત્રા'ની આગેવાની શૌર્યના પ્રતીક સમા ઘોડા પર કેસરી સાફામાં સજ્જ અને હાથમાં કેસરી ધ્વજ લહેરાવી ૧૦૮ જેટલા અશ્વસવારોએ લીધી હતી.

જેમ સોમનાથની સખાતે નીકળેલા હમીરસિંહ ગોહિલની અશ્વ પરની પ્રતિમા સોમનાથની સાંસ્કૃતિક ભવ્ય વિરાસતને અખંડ - અજેય અને શાશ્વતતાના પ્રતીક સાથે યુવા પેઢીને પ્રેરણા આપે છે. એ જ રીતે ૧૦૮ જેટલા અશ્વસવારોએ હાથમાં કેસરિયો ધ્વજ લહેરાવી સનાતન સંસ્કૃતિનો સંદેશ આપ્યો હતો.

શ્લોકના દિવ્ય ઉચ્ચારણ વચ્ચે ઋષિ કુમારોએ શંખનાદ કરી ડમરુના ગગન ગજાવતા નિનાદ સાથે 'શૌર્યયાત્રા'માં સોમનાથની ભવ્યતા દિવ્યતા અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ આપ્યો હતો.



આ ભવ્યાતિભવ્ય શૌર્યયાત્રામાં ભારતની સંસ્કૃતિ,ભારતની આસ્થા અને શ્રદ્ધાનાં તો દર્શન થયાં જ હતાં સાથે - સાથે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને ચરિતાર્થ કરતા રંગબેરંગી કાર્યક્રમો રજૂ થયા હતાં.


શૌર્યયાત્રામાં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની ભાવના દર્શાવતા ગુજરાતની ઓળખ સમા ગરબા, ટિપ્પણી રાસ અને કચ્છી ગરબો, તલવાર રાસ, ભરત નાટ્યમ્, રાસ નૃત્ય, ઉત્તર પ્રદેશનું મયુર નૃત્ય, ખ્યાતનામ નાસિક ઢોલ દ્વારા મહાકાલ મંજીરા, દિલ્હી અને મણીપુરની 'લોટસ ગર્લ્સ'ની પ્રસ્તુતી, રાજસ્થાનનું ઘૂમર નૃત્ય, રાજસ્થાનનું ભવાઈ નૃત્ય અને ગૈર, પંજાબનું ગીધ્ધા ડાન્સ, મધ્યપ્રદેશનું બધાઈ અને ગુડુમ બાજા નૃત્ય, જમ્મુ કાશ્મીરનું રૌફ નૃત્ય તેમજ કેરળ-કર્ણાટક સહિતનાં વિવિધ રાજ્યોના કલાકારોની પ્રસ્તુતિથી લોકો મંત્રમુગ્ધ થયાં હતાં.

શૌર્યયાત્રાના સમગ્ર રૂટ પર સજાવેલા શિવજીના તાલવાદ્ય 'ડમરુ', 'ત્રિશૂળ' સહિત 'જય સોમનાથ, 'હર હર મહાદેવ', 'ઓમ્', 'સ્વસ્તિક'ના આકર્ષક ફ્લોટ્સ અને ગીરની ઓળખ સમા સિંહની પ્રતિકૃતિ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

હમીરજી સર્કલ સુધી નીકળેલી આ સમગ્ર શૌર્ય યાત્રા જાણે સોમનાથનો ઈતિહાસ પુનઃ જીવિત કરતી હોય અને અતૂટ સોમનાથના સ્વાભિમાનની ગાથા વર્ણવતી હોય એવું લાગી રહ્યું હતું.







ગુજરાત સરકાર

Vibrant GUJARAT REGIONAL CONFERENCES





## વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ-સૌરાષ્ટ્ર-કચ્છ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૬ના પ્રારંભ બાદ ગુજરાતની પ્રથમ સુખદ યાત્રામાં સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સમાં સહભાગી બનતાં જણાવ્યું હતું કે, આજે 'વિકાસ અને વિરાસત'નો મંત્ર ચારે બાજુ ગુંજી રહ્યો છે. બે દાયકા પૂર્વે એક સપનાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાતની યાત્રા આજે એક ગ્લોબલ બેન્ચમાર્ક સાથે અતૂટ ભરોસા સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં ૧૦ વાઈબ્રન્ટ સમિટ યોજાઈ ચૂકી છે. વાઈબ્રન્ટ સમિટ શરૂ

# વિકાસ અને વિરાસતનો સંગમ





કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વને ગુજરાતના સામર્થ્યથી પરિચિત કરાવવાનો હતો, પરંતુ આજે તે રોકાણથી આગળ વધીને ગ્લોબલ ગ્રોથ અને પાર્ટનરશિપનું એક મજબૂત પ્લૅટફૉર્મ બની ગયું છે. અહીં કોર્પોરેટ ગ્રૂપ, MSME, સ્ટાર્ટઅપ્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કદમથી કદમ મિલાવીને વિકાસના પથ પર આગળ વધી રહી છે.

ગુજરાતના દરેક પ્રદેશની પોતાની તાકાત છે, પછી તે કોસ્ટલ લાઇનનું સામર્થ્ય હોય, ટ્રાઇબલ બેલ્ટ હોય, ઇન્ડસ્ટ્રિયલ ક્લસ્ટર હોય કે ખેતી અને પશુપાલનની સમૃદ્ધ પરંપરા હોય. આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા આગળ વધી રહ્યું છે. શ્વેતક્રાંતિ એટલે કે દૂધ ઉત્પાદન અને જેનરિક દવાઓના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને છીએ. દુનિયામાં સૌથી વધુ વેક્સિન (રસી) બનાવનાર દેશ ભારત છે. ભારત દેશ આજે દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઇલ મેન્યુફેક્ચરર છે. આપણું UPI દુનિયાનું નંબર વન રિયલ ટાઇમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન પ્લૅટફૉર્મ છે. ભારતમાં દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટિમ છે અને સોલર પાવર તથા મેટ્રો નેટવર્કમાં પણ આપણે ટોપ ત્રણમાં છીએ.

'રિફૉર્મ, પર્ફૉર્મ એન્ડ ટ્રાન્સફૉર્મ'ના મંત્રને કારણે આજે વિશ્વની તમામ ગ્લોબલ સંસ્થાઓ ભારતમાં રોકાણ કરવા તત્પર છે. IMF ભારતને ગ્લોબલ ગ્રોથનું એન્જિન માને છે અને ફિચ (Fitch) જેવી રેટિંગ એજન્સીઓ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે અભૂતપૂર્વ નિશ્ચિતતા સાથેની ભારતની આર્થિક સ્થિરતાને બિરદાવી રહી છે. ભારત આજે અસીમ સંભાવનાઓનો દેશ બની ગયો છે, આપણા દેશમાં સ્થિરતા અને નીતિઓમાં સાતત્ય છે. ભારતમાં મધ્યમવર્ગના વ્યાપની સાથે તેઓની ખરીદશક્તિની ક્ષમતાઓ વધી રહી છે. આ તમામ પરિબળોને કારણે ભારત આજે રોકાણકારો માટે પ્રથમ પસંદગી બન્યું છે.



સૌરાષ્ટ્ર અને કચ્છ માત્ર તકોનો પ્રદેશ નથી, પરંતુ ભારતના ગ્રોથનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં આ પ્રદેશની ભૂમિકા ખૂબ મોટી છે. રાજકોટમાં અઢી લાખથી વધુ MSME કાર્યરત છે. રાજકોટમાં સ્ક્રૂ-ડ્રાઇવરથી લઈને ઓટો પાર્ટ્સ, મશીન ટૂલ્સ અને રૉકેટ સુધીના પાર્ટ્સ તૈયાર થઈ રહ્યા છે. આ પ્રદેશ હાઈ-ટૅક્નૉલૉજી મેન્યુફેક્ચરિંગની સમગ્ર વૅલ્યૂ ચેઇનને સપોર્ટ કરે છે.

ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન આજે આધુનિક મેન્યુફેક્ચરિંગનું કેન્દ્ર છે, જ્યાં ભારતની પહેલી સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટી તૈયાર થઈ રહી છે. એટલું જ નહીં, સૌરાષ્ટ્ર અને કચ્છ આજે ગ્રીન ગ્રોથ અને એનર્જી સિક્યૉરિટીનું પણ હબ બની રહ્યાં છે. કચ્છમાં ૩૦ ગીગાવૉટની ક્ષમતા ધરાવતો દુનિયાનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે, જે પેરિસ શહેર કરતાં પાંચ ગણો મોટો છે.

આજે ક્લીન એનર્જીના ક્ષેત્રમાં ભારત માત્ર પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ 'કોમર્શિયલ સ્કેલ રિયાલિટી' સાથે આગળ વધી રહ્યું છે. કચ્છ અને જામનગર ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનનાં મોટાં કેન્દ્રો તરીકે ઊભરી રહ્યાં છે. કચ્છમાં સ્થાપિત કરવામાં આવી રહેલી વિશાળ





'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટિમ' (BESS) દ્વારા રિન્યૂએબલ એનર્જીની સાથે ગ્રીડ સ્ટેબિલિટી અને વિશ્વસનીયતા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિશ્વકક્ષાનાં બંદરોથી સજ્જ છે, જ્યાંથી ભારતની નિકાસનો મોટો હિસ્સો પસાર થાય છે. પીપાવાવ અને મુંદ્રા જેવાં બંદરો આજે ભારતના ઓટોમોબાઈલ એક્સપોર્ટના મેજર હબ બની ચૂક્યાં છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે ઉદ્યોગો માટે સજ્જ માનવબળ તૈયાર કરવામાં પણ ગુજરાત અગ્રેસર છે. ગુજરાત સરકારની 'કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટી' ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની યુનિવર્સિટીઓના સહયોગમાં યુવાનોને ફ્યુચર-રેડી સ્કિલ્સ માટે તૈયાર કરી રહી છે.

વડાપ્રધાનશ્રીએ સૌરાષ્ટ્રના વિકાસ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં કરવામાં આવતું દરેક રોકાણ ગુજરાત અને સમગ્ર દેશના વિકાસને નવી ગતિ આપશે. તેમણે રવાંડાના હાઈ કમિશનરની વાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારત દ્વારા રવાંડાને ભેટમાં આપવામાં આવેલી ૨૦૦ ગીર ગાયોએ ત્યાંની ગ્રામીણ અર્થવ્યવસ્થાને એક મોટી તાકાત આપી છે. આજે રવાંડાના હજારો પરિવારો પાસે ગીર ગાયો છે અને ત્યાંના દરેક ઘરમાં તે જોવા મળે છે.

વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ભારત સરકાર દ્વારા 'રિફોર્મ એક્સપ્રેસ' પર ભાર મૂકવામાં આવ્યો છે, જે અંતર્ગત દરેક ક્ષેત્રમાં 'નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ' લાવવામાં આવ્યા છે. તાજેતરમાં અમલી બનેલા જીએસટી સુધારાઓથી ખાસ કરીને MSMEને મોટો ફાયદો થયો છે. આ ઉપરાંત, ઇન્શ્યોરન્સ સેક્ટરમાં ૧૦૦ ટકા FDIને મંજૂરી આપવામાં આવી છે, જેથી દેશના દરેક નાગરિકને વીમા કવરેજ મળી શકે. સરકારે છ દાયકા જૂના ઇન્કમ ટેક્સ કાયદાને આધુનિક બનાવ્યો છે અને ઐતિહાસિક લેબર કોડ લાગુ કરીને શ્રમિકો તેમજ ઉદ્યોગો બંને માટે એક સમાન માળખું



ભારત આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વની એક મોટી શક્તિ બની રહ્યું છે. જામનગરમાં વિશ્વની સૌથી મોટી સંકલિત ગ્રીન એનર્જી ઇકોસિસ્ટિમ બનાવવામાં આવી રહી છે. જામનગર હાઇડ્રોકાર્બનને બદલે ગ્રીન એનર્જીનું મોટું નિકાસકાર બનશે. કચ્છમાં મલ્ટી-ગીગાવોટ ક્ષમતા ધરાવતો સોલર પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. જામનગરમાં ભારતનું સૌથી મોટું AI-રેડી ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે. વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૩૬માં અમદાવાદમાં ઓલિમ્પિક લાવવાના વિઝનને ટેકો આપવા અમદાવાદ નારણપુરા ખાતેના વીર સાવરકર મલ્ટી-સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું સંચાલન રિલાયન્સ સંભાળશે. જામનગરમાં વિશ્વસ્તરીય હૉસ્પિટલની સ્થાપના કરાશે.

**શ્રી મુકેશ અંબાણી,**
**ચેરમેન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**



કચ્છના મુંદ્રા ખાતે આગામી પાંચ વર્ષ દરમિયાન અદાણી ગ્રૂપ દ્વારા રૂપિયા ૧.૫૦ લાખ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવશે

**શ્રી કરણ અદાણી,**
**એમ.ડી., અદાણી પોર્ટ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન**



તૈયાર કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ રોકાણકારોને વિશ્વાસ અપાવતાં જણાવ્યું હતું કે, ભારતની આ રિફોર્મ જર્ની હવે અટકવાની નથી. તેમણે રોકાણકારો અહીં માત્ર MoU કરવા નથી આવ્યા, પરંતુ સૌરાષ્ટ્રના વિકાસ અને તેની વિરાસત સાથે જોડાયા છે અને તેમના રોકાણની પાઈ-પાઈ અહીંથી શાનદાર વળતર આપશે. વર્ષ ૨૦૨૭ના વાઇબ્રન્ટ ગુજરાત સમિટ પૂર્વે આ પ્રકારના પ્રાદેશિક સમિટના આયોજન બદલ ગુજરાત સરકારની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

આ અવસરે સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વિઝન સાથે વર્ષ ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટ શરૂ કરાવીને ગુજરાતની ઉદ્યોગ સંભાવનાને વિશ્વ સમક્ષ મૂકી હતી. મહાજન, પ્રજાજન અને પ્રશાસનના પ્રયાસો તેમજ શ્રેણીબદ્ધ વાઇબ્રન્ટ સમિટના કારણે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન અને રોકાણ માટે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન બન્યું છે. વાઇબ્રન્ટ સમિટની છેલ્લા બે દાયકાની સફળતાના પરિણામે રાજ્યમાં છેલ્લાં ૨૦ વર્ષોમાં રૂ. ૩.૫૭ લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું છે.

વર્ષ ૨૦૨૪ની વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં ૯૮ હજાર જેટલા એમ.ઓ.યુ. થયાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, તેમાંથી ૨૫,૫૦૦ એમ.ઓ.યુ. સૌરાષ્ટ્ર-કચ્છના હતા. તેમાંથી ૭૮ ટકા પ્રોજેક્ટ કમિશન્ડ થઈ ચૂક્યા છે. કચ્છ-સૌરાષ્ટ્રની વાઇબ્રન્ટ કૉન્ફરન્સ અંગે તેમણે કહ્યું હતું કે, આ પ્રદેશના ૧૨ જિલ્લાઓ રિન્યૂએબલ એનર્જી, વર્લ્ડ ક્લાસ પોર્ટ, શિપ બિલ્ડિંગ, એગ્રો પ્રોસેસિંગ, સિરામિક, કેમિકલ, ફિશરીઝ અને બ્લૂ ઈકોનોમી વગેરે જેવાં ક્ષેત્રોમાં રોકાણ માટેની સુદૃઢ ઈકોસિસ્ટિમ ધરાવે છે.

ગુજરાતમાં જિલ્લાઓ "વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલ"ની સંકલ્પના સાકાર કરે તે માટે રાજ્ય સરકાર સ્ટેટ જી.ડી.પી.ની જેમ જ જિલ્લાના જી.ડી.પી.માં વૃદ્ધિનો કન્સેપ્ટ લાવી છે. જિલ્લાઓના વિકાસને નવી દિશા આપવા રાજ્યમાં છ રિજનલ ગ્રોથ હબ વિકસાવાઈ રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "સોમનાથ સ્વાભિમાન પર્વ"થી જન-જનમાં આસ્થાની જ્યોત વધુ પ્રબળ બનાવી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. ઉદ્યમશીલતાથી આત્મનિર્ભરતાને વેગ આપવા માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ - સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, એક સમયે ઉદ્યોગ ક્ષેત્રમાં "વાપીથી તાપી" સુધી જ ગુજરાત ઓળખાતું હતું. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત સમિટ લોન્ચ કરીને ગુજરાતને ઈન્વેસ્ટમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ દિશામાં ખૂબ મોટું પ્રોત્સાહન આપ્યું છે. વાઇબ્રન્ટના કારણે ગુજરાતની ચારેય દિશામાં "મેન્યુફેક્ચરિંગ હબ" તરીકે અનેક સેક્ટર વિકસ્યાં છે. વાઇબ્રન્ટ ગુજરાતની સફળતાનું શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આપીને શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ૮૦ MoU સાથે શરૂ થયેલી આ ઈવેન્ટની સફળતાથી આજે ૯૮,૦૦૦ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે.

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છ વિશે માહિતી આપતાં શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, આજે ૪૦૦થી વધુ એક્ઝિબિટર્સ કૉન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. ૧૬થી વધુ દેશના પ્રતિનિધિઓ રિવર્સ બાયર્સ સેલર્સ મીટમાં સહભાગી બન્યા છે. આ કોન્ફરન્સના આયોજનથી MSME સહિતના સેક્ટરને મોટો ફાયદો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમાં રોકાણ માટે જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ ઊભી કરી છે તેમ જણાવીને તેમણે ઉમેર્યું હતું કે, રોડ રસ્તાઓ, રેલ-પોર્ટ અને ઍર સહિતની સુદૃઢ કનેક્ટિવિટી સરકારે વિકસાવી



**વિકસિત ભારતનું વિઝન હવે પ્રદેશ, જિલ્લા, સ્થાનિક ઔદ્યોગિક ઇકો-સિસ્ટિમ સુધી પહોંચી રહ્યું છે. વિશ્વમાં આજે અસ્થિર માહોલ વચ્ચે પણ ભારત દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મક્કમ અને સ્થિર બનીને ઊભો છે અને આગળ વધી રહ્યો છે. કંપની આગામી પાંચ વર્ષમાં રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ કરશે.**

**શ્રી પરાક્રમસિંહ જાડેજા,**
**ચેરમેન, જ્યોતિ સી.એન.સી.**



***આંતરરાષ્ટ્રીય સંબંધ :*** *સ્વામી વિવેકાનંદ જયંતીના ઊર્જાવાન દિવસે જર્મનીના ચાન્સેલર ફેડ્રિક મર્ઝ જીવનમાં પ્રથમવાર ભારતની મુલાકાતે પધાર્યા હતા. ભારત તરફથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ જર્મનીના ફેડરિક મેર્ઝે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી પોતાની લાગણીઓ લોકો સમક્ષ રજૂ કરી હતી. બંને દેશના પરસ્પર સહયોગથી દેશો વચ્ચે વેપાર, રોકાણ, સંરક્ષણ તથા ગ્રીન એનર્જી ક્ષેત્રના સહકાર માટેની મહત્ત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી.*

છે. પૂર્વ નિર્ધારિત ઔદ્યોગિક નીતિ, વેપારીઓને સરકાર દ્વારા સહયોગ અને સુરક્ષા વગેરે રોકાણકારો માટે ગુજરાતને શ્રેષ્ઠ બનાવે છે. વાઈબ્રન્ટ ગુજરાતના કારણે ગુજરાતના લાખો યુવાનોને રોજગારી મળી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતથી અનેક લોકોને વેપારનાં સપનાઓ સાકાર થયાં છે. ફીનટેકની દુનિયામાં ઉત્તમ શહેર તરીકે ગુજરાતના "ગિફ્ટ સિટી"નું સપનું વડાપ્રધાનશ્રીના વિઝનથી સાકાર થયું છે. સ્માર્ટ સિટી ધોલેરા તેમજ સાણંદ અને બેચરાજી વગેરે શહેરોના ઔદ્યોગિક વિકાસથી એક મોટી ઈકો સિસ્ટિમ ઊભી થઈ છે. વડાપ્રધાનશ્રી માર્ગદર્શન હેઠળ "ઈઝ ઓફ ડૂઈંગ"ના ૨૩ પેરામિટર પર ગુજરાત સરકારે નોંધપાત્ર કામગીરી કરી છે તેમ જણાવીને શ્રી હર્ષ સંઘવીએ વિશ્વાસ અપાવ્યો હતો કે, વડાપ્રધાનશ્રીના વિકાસના વિઝનને સાકાર કરવા સમગ્ર ટીમ ગુજરાત પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા સાવરકુંડલા (અમરેલી), ભાવનગર, જામનગર, કચ્છ, મોરબી, રાજકોટ અને સુરેન્દ્રનગર એમ સાત જિલ્લામાં ૩૫૪૦ એકરમાં નિર્માણ પામનારા ૧૩ નવા સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટની જાહેરાત કરાઈ હતી. તેમજ વડાપ્રધાનશ્રીના હસ્તે રાજકોટ જિલ્લાના નાગલપર ખાતે ૩૩૬ એકરમાં નવનિર્મિત મેડિકલ ડિવાઈસ પાર્કનું ઈ-લોકાર્પણ કરાયું હતું.

આ તકે વડાપ્રધાનશ્રીને શાલ અને સ્મૃતિચિહ્ન આપીને, તેમનું અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે 'વિકસિત ગુજરાતથી વિકસિત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી એક રાષ્ટ્રીય નેતાથી હવે ગ્લોબલ લીડરની બહુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં છઠ્ઠી વાર સહભાગી થવાનો અવસર મળ્યો એનો આનંદ છે. યુદ્ધ બાદ યુક્રેનમાં ઊર્જા, લોજિસ્ટિક, બાંધકામ, ઉદ્યોગ, કૃષિ, આઇટી જેવાં ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓ માટે સારી તકો છે અનાજ, ફાર્મા ઉત્પાદનો, તેલ જેવાં પરંપરાગત ક્ષેત્રોમાં ભારત અને યુક્રેન વચ્ચે સફળ સહકારનો લાંબો ઇતિહાસ રહ્યો છે. જે યુક્રેનની અર્થવ્યવસ્થાને નવું બળ પૂરું પાડનારા બની રહ્યાં છે. યુક્રેન વાઇબ્રન્ટ જેવી ગ્લોબલ ઈવેન્ટમાં ભાગીદાર બનવા માટે ગર્વ અનુભવે છે.

**શ્રી ઓલેક્ઝાન્ડર પોલીસચુકે,**
**એમ્બેસેડર, પાર્ટનર કન્ટ્રી, યુક્રેન**



વર્ષ ૨૦૧૭માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં સહભાગી થયા હતા. આ બંને નેતાઓના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ ઘણા અગત્યના છે. ભારત રવાન્ડામાં દ્વિતીય ક્રમનો વિદેશી રોકાણકાર અને વ્યાપારી ભાગીદાર છે અને બંને દેશો વચ્ચેના સંબંધો સતત વિકાસ પામી રહ્યા છે.

**શ્રી જેક્લીન મુકાનગીરા,**
**હાઇ કમિશનર, પાર્ટનર કન્ટ્રી, રવાન્ડા**



ભારત @૨૦૪૭'ના સંકલ્પની ડોક્યુમેન્ટ્રી દર્શાવવામાં આવી હતી.

આ અવસરે કેન્દ્રીય મંત્રી શ્રી નીમુબહેન બાંભણીયા, શ્રમ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા, સર્વે સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, શ્રી રામભાઈ મોકરીયા સહિતના વરિષ્ઠ પદાધિકારીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ઉદ્યોગ સાહસિકો, વિદેશી ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.



દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છમાં પ્લાન્ટ નાખવા માટે મને પ્રોત્સાહિત કર્યો અને કહ્યું કે, આપને એક રૂપિયાના રોકાણ સામે એક ડોલર વળતર મળશે. જે વાત આજે સાચા અર્થમાં સાર્થક થઇ છે. અમારી કંપની આગામી સમયમાં વિશ્વની સૌથી મોટી પાઇપ પ્લાન્ટનું ઉત્પાદન કરવા માટે રૂ. ૫૦૦૦ કરોડનું રોકાણ ગુજરાતમાં કરશે.

**શ્રી બી. કે. ગોએન્કા,**
**ચેરમેન, વેલસ્પન**

## ગુજરાતના ટકાઉ વિકાસનું જીવંત ઉદાહરણ ખીજડિયા અભયારણ્ય

ખીજડિયા પક્ષી અભયારણ્ય એ વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૨,૪૦૦થી વધુ પ્રવાસીઓને આકર્ષીને ગુજરાતના ઈકો-ટૂરિઝમ ક્ષેત્રમાં પોતાની વિશિષ્ટ ઓળખ વધુ મજબૂત કરી છે. આ અભયારણ્ય ગુજરાતની પર્યાવરણીય શ્રેષ્ઠતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ બની રહ્યું છે. જામનગર નજીક આવેલું ખીજડિયા રામસર સ્થળ ગુજરાતના મહત્ત્વપૂર્ણ કુદરતી સીમાચિહ્ન તરીકે ઊભરી આવ્યું છે.

૬૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું આ અભયારણ્ય મીઠા અને ખારા પાણીના દુર્લભ સંગમ માટે વિશેષ ઓળખ ધરાવે છે. આ અનોખું ઈકોલોજિકલ બંધારણ પક્ષીઓ માટે વૈવિધ્યસભર નિવાસસ્થાન પૂરું પાડે છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના આંકડા મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪માં અહીં ૩૧૭ પક્ષી પ્રજાતિઓ નોંધાઈ હતી, જે ૨૦૨૪-૨૫માં વધીને ૩૩૨ થઈ છે, જે અભયારણ્યની સતત વિકસતી જૈવવિવિધતાની સાબિતી આપે છે.

આ પર્યાવરણીય સમૃદ્ધિને વૈશ્વિક માન્યતા મળી છે અને વર્ષ ૨૦૨૨માં ખીજડિયાને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી જળભૂમિ તરીકે રામસર સ્થળનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. રાજ્ય સરકાર દ્વારા મુલાકાતીઓ માટે આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે, જેમાં વૉચ ટાવર, વન-કુટીરો, પક્ષી નિરીક્ષણ પ્લૅટફોર્મ, અર્થઘટન કેન્દ્ર, સેલ્ફી પોઈન્ટ અને માહિતીસભર સાઈનબોર્ડનો સમાવેશ થાય છે.

ખીજડિયા પક્ષી અભયારણ્યની સફળતાની આ ગાથા ગુજરાતના "સમૃદ્ધિ સાથે ટકાઉપણું"ના વિઝન સાથે ગાઢ રીતે જોડાયેલી છે અને આવનારા પ્રાદેશિક જોડાણ મંચ માટે એક મજબૂત આધારસ્તંભ રૂપે ઊભરી આવે છે.



# VGRC-2026માં રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ MoU સંપન્ન






રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતી કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પરનો અતૂટ ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઈન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગ એકમોને મળશે.

આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે.

ઉદ્યોગ સચિવ શ્રી મમતા વર્માએ કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં "સ્કેલ અને સ્કીલ"ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને



વાઇબ્રન્ટ ગુજરાત જેવી મોટી કૉન્ફરન્સનું આયોજન જિલ્લા સ્તરે થવાથી સ્થાનિક ઉદ્યોગકારોને ઘણો મોટો ફાયદો થશે. આ પ્લૅટફૉર્મ સ્ટાર્ટઅપ્સ અને નવા ઉદ્યોગ સાહસિકો માટે એક મહત્ત્વની તક સમાન છે, જ્યાં તેઓ નવા રોકાણકારો સાથે જોડાઇ શકશે અને ટૅક્નોલૉજિકલ અપગ્રેડેશન તરફ આગળ વધી શકશે. જામનગરના પ્રખ્યાત બ્રાસ ઉદ્યોગ સહિત લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે પહોંચવામાં આ પ્લેટફોર્મ મદદરૂપ થશે.

**શ્રી વિષ્ણુભાઇ પટેલ,**
**પ્રમુખ, જામનગર બ્રાસ ઍસોસિયેશન**



સુરેન્દ્રનગરમાં ‘ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગ્રામ’માં ૩૦ જેટલા અગ્રણી ઔદ્યોગિક એકમો સાથે કુલ રૂ. ૮૩૪ કરોડના સમજૂતી કરાર (MoU) થયા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ‘ફાર્મ ટુ ફૅશન’ (F-to-F) વિઝનને આ રોકાણો દ્વારા સાચા અર્થમાં વેગ મળશે. કંપની સાથે હાલ ૧૭ હજારથી વધુ ખેડૂતો જોડાયેલા છે. નવા MoU દ્વારા ફેબ્રિક ડાઇંગ, પ્રોસેસિંગ અને પ્રિન્ટિંગ ક્ષેત્રે નવું રોકાણ કરાશે. આ નૂતન રોકાણોથી સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થશે.

**શ્રી બાબુભાઇ,**
**મા ટેક્સટાઇલ પ્રાઇવેટ લિમિટેડ, સુરેન્દ્રનગર**

મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. બીટુબી, બીટુજી, રિવર્સ બાયર્સ સેલર્સ મિટ, ૫૦થી વધુ સેમિનાર સહિતના આયોજન થકી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે. આ તકે ઉદ્યોગ કમિશનર શ્રી પી.સ્વરૂપે પ્રેઝન્ટેશના માધ્યમથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળ યાત્રાની તલસ્પર્શી વિગતો રજૂ કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના સ્થાપક શ્રી કેતન મારવાડીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સે સાબિત કર્યું છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કોન્ફરન્સમાં ૨૪ દેશના પ્રતિનિધિશ્રીઓ અને ૪૦૦૦ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ એ ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે “Kutch & Saurashtra : Anchoring Gujarat's vision” પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારો, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

સમાપન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી હસમુખ અઢિયા, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી જયંતી રવિ, અગ્રણી ઉદ્યોગકારો, વેપાર-ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



ભારતમાં ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગનું આશરે ૯૫ ટકા ઉત્પાદન રાજકોટમાં થાય છે. આ ઉદ્યોગ ડિફેન્સ, ઓટોમોટિવ, રેલવે, તેલ-ગેસ, મરીન, ફાયર સેફ્ટી અને જનરલ એન્જિનિયરિંગ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાત સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી પાયાની સુવિધાઓ ઉદ્યોગોના વિકાસમાં પ્રેરક બની છે.

**શ્રી ચંદ્રેશ સંખારવા,**
**વાઇસ પ્રેસિડેન્ટ, ઇન્ડિયન ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ મેન્યુફેક્ચરર એસોસિયેશન (IICMA)**



## દરિયામાં ઊગતી નવી સમૃદ્ધિ એટલે સીવીડ ફાર્મિંગ

**જીજ્ઞા વરસાણી**

*કચ્છના કિનારાથી લઈને દેવભૂમિ દ્વારકા નજીકની ઊંડી ખાડીઓ સુધીના અંદાજિત ૪૩૦ કિમી વિસ્તારમાં સીવીડની ખેતી ઝડપથી વિકાસ પામતા ક્ષેત્રમાં પરિવર્તિત થઈ રહી છે. આ સીવીડની ખેતી માછીમાર પરિવારોને આર્થિક રીતે સશક્ત બનાવવાની સાથે સાથે દેશની બ્લૂ ઈકોનોમીને મજબૂત બનાવી રહી છે.*

*શું છે સીવીડ અને તેની ઉપયોગિતા? :* સીવીડ એક પ્રકારનો દરિયાઈ શેવાળ છે, જેનો ઉપયોગ સદીઓથી ખાદ્ય અને ઔષધીય હેતુઓ માટે થાય છે. સીવીડ વિટામિન્સ, ખનિજો (ખાસ કરીને આયોડિન), ફાઈબર અને એન્ટિઑક્સિડન્ટોથી ભરપૂર હોય છે, જે આંતરડાના સ્વાસ્થ્યમાં સુધારો, હૃદયનું સ્વાસ્થ્ય, થાઈરોઈડ કાર્ય અને સંભવિત વજન વ્યવસ્થાપન જેવા ફાયદાઓ પ્રદાન કરે છે. પોષક તત્ત્વોથી ભરપૂર સીવીડ બળતરા વિરોધી, કેન્સર વિરોધી અને બ્લડ શુગરના નિયમન માટેનાં સંયોજનો પૂરાં પાડે છે.

*સીવીડની ખેતી માટે વિશેષ તાલીમ :* દરિયાઈ સીવીડની ખેતી દરિયાકાંઠાના સમુદાયો માટે જીવનરેખા સાબિત થઈ રહી છે. ચોમાસામાં માછીમારી-પ્રતિબંધિત સમયગાળામાં સીવીડ ઉત્પાદનની પ્રવૃત્તિ આવક પ્રદાન કરે છે. ગુજરાતમાં સીવીડ ઉત્પાદન સતત વધી રહ્યું છે. સીવીડ ઉત્પાદનના આંકડાઓ પર નજર નાખીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪માં કચ્છમાં સી-વીડની ૧૪ ટન ખેતી કરવામાં આવી હતી. જેમાં મહિલા સ્વ-સહાય જૂથો સી-વીડની ખેતી અને તેની સૂકવણીમાંથી દર મહિને રૂ.૧૨,૦૦૦ - રૂ.૧૮,૦૦૦ કમાય છે. આ ખેતી પર્યાવરણને અનુકૂળ કામ કરવા માંગતી પેઢીઓને આકર્ષે છે અને પરંપરાગત માછીમારી પર દબાણ ઘટાડે છે. વધુમાં, સીવીડની ખેતી માટે દરિયાકાંઠાના સમુદાયોને તાલીમ પણ આપવામાં આવે છે. અત્યારસુધીમાં કચ્છનાં ૧૭ ગામોમાં મોટી સંખ્યામાં લોકોને તાલીમ આપવામાં આવી છે.

# વાઇબ્રન્ટ સમિટની યશગાથા

વાઇબ્રન્ટ ગુજરાતે ઉદ્યોગોમાં પ્રાણ પૂર્યા છે. પ્રસ્તુત છે એવી કેટલીક સાફલ્યગાથાઓ જે ઉદ્યોગ સાહસિકો માટે પ્રેરણારૂપ તો છે જ સાથેસાથે તેમને મળેલી સફળતામાં ગુજરાત સરકારના દૂરદર્શી આયોજનથી ઔદ્યોગિક ક્ષેત્રે થયેલી કાયાપલટ જાણી શકાય છે.

## શ્રમિક બન્યા માલિક

**વિરેન્દ્રસિંહ પરમાર**



સરકારની ઉદ્યોગલક્ષી યોજનાઓ કેવી રીતે સામાન્ય લોકોને પણ માલિક બનાવવામાં મદદરૂપ થઈ છે, તેનું જીવંત ઉદાહરણ જામનગરના ઉદ્યોગકાર શ્રી અલ્પેશ પાઘડા છે. વર્ષ ૨૦૦૦માં બ્રાસ ઉદ્યોગમાં એક લેબર તરીકે જોડાયા બાદ ઉદ્યોગ સાહસિક બનવાનું તેમનું સપનું સરકારની યોજનાને કારણે સાકાર થયું. CNC વગેરે જેવી મશીનરી ખરીદવા માટે મોટી રકમની જરૂર પડે. તેમને જામનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રાહત દરે લોન મળી. આજે તેઓ પોતાનું કારખાનું ચલાવી ૧૦ લોકોને રોજગારી પૂરી પાડે છે. વાઇબ્રન્ટ ગુજરાત જેવા રાજ્ય સરકારના કાર્યક્રમોને કારણે જ તેમના જેવા શ્રમજીવીઓ પણ ઉદ્યોગ સાહિસક બનવાનું સપનું ન માત્ર જોઈ રહ્યા છે પરંતુ તેને સાકાર પણ કરી રહ્યા છે.

## MBBSનો અભ્યાસ છોડી પ્રોટીન બારનો બિઝનેસ

**રોહિત ઉસદડ**



સૌરાષ્ટ્રના એક તરવરિયા યુવાને એક નવા જ ક્ષેત્રમાં સાહસ ખેડ્યું છે, એક નાના ટાઉનનો માત્ર ૨૩ વર્ષની ઊંમરે એ ક્ષેત્રમાં સાહસ દાખવે છે, તેનો વિચાર સુધ્ધાં કરવો મુશ્કેલ હોય છે. આત્મનિર્ભર ભારતના પ્રતિનિધિરૂપ કેશોદના યુવાન ઉદ્યોગ સાહસિક શ્રી દીપ ધીમેલિયા એમ.બી.બી.એસ.નો અભ્યાસ છોડી રિસર્ચ કરવા દેશનાં લગભગ બધાં રાજ્યો અને ૭- ૮ દેશોમાં ઘૂમી વળ્યા.

આ સંદર્ભમાં દીપ ધીમેલિયા કહે છે કે, એક વર્ગ પૂરતા સીમિત હેલ્થ સપ્લિમેન્ટને સમાજના લોકોને પરવડે તેવી કિંમતે અને શ્રેષ્ઠ ગુણવત્તા સાથે આપવા પ્રોટીન બાર - હેલ્થ સપ્લિમેન્ટની વર્ષ ૨૦૨૨માં LD Foods નામે કંપની શરૂ કરી. આ બિઝનેસ શરૂ કરવા માટે આત્મનિર્ભર પૉલિસી ફોર MSME અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા રૂ. ૫૦ લાખથી વધુની આર્થિક સહાય મળી છે, જેનાથી શરૂઆતના તબક્કે જરૂરી આર્થિક સહાયની સાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જરૂરી માર્ગદર્શન પણ મળ્યું હતું.

કેશોદના સોંદરડા ગામે શરૂ કરેલા યુનિટમાં આજે હેલ્થ રિલેટેડ પ્રોટીન બાર, પ્રોટીન પાવડર, ન્યુટ્રિશન બાર, ઓટ્સ બાર ઉપરાંત લોકોના શરીર માટે જરૂરી પોષક તત્ત્વો વિટામિન્સ મિનરલ્સ પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી ૧૨૦થી વધુ પ્રોડક્ટ બનાવી રહ્યા છીએ, સાથે જ લગભગ દરેક ક્વાર્ટરમાં નવી પ્રોડક્ટ પણ લોન્ચ કરી રહ્યા છીએ. આજે દેશનાં ૧૯ રાજ્યમાં ૨૮ હજાર શોપ સુધી આ પ્રોડક્ટ પહોંચી રહી છે. ઉપરાંત ગુજરાત સહિત દેશભરમાં ૩૦ જેટલા કંપની આઉટલેટ ખોલવા માટેની યોજના બનાવી રહ્યા છીએ.

લોકોને સ્વાદની સાથે સેહત પણ મળી રહે તેવી પ્રોડક્ટ બનાવી છે, આ માટે સતત R & D (રિસર્ચ એન્ડ ડેવલૉપમેન્ટ) પર ખૂબ ભાર આપ્યો છે. યુનિટની અંદર જ પ્રોડક્ટના ટેસ્ટિંગથી ડેવલપમેન્ટ સુધીનું રિસર્ચ કામ કરવામાં આવે છે. પ્રોડક્ટસની ગુણવત્તા સાથે કોઈ પણ બાંધછોડ નહીં તે પ્રાથમિકતા છે, આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ હાઈજિન જાળવવામાં આવે છે. આ પ્રોડક્ટસ USFDA, FSSC ૨૨,૦૦૦, HALAL વગેરે દ્વારા એપ્રુવડ પ્રોડક્ટ છે. જેથી આ પ્રોડક્ટસનું રિટેલર મારફત તો વેચાણ થઈ રહ્યું છે, સાથે જ IIT જેવી નામાંકિત શૈક્ષણિક સંસ્થાની કૅન્ટીન અને મોટી હોટલોમાં પણ જોવા મળે છે. ઉપરાંત આર્મી કૅન્ટીન, મિડ ડે મીલ, નિરામયા, અક્ષયપાત્ર ટ્રસ્ટમાં પણ આ પોષણક્ષમ પ્રોડક્ટસનો સપ્લાય કરવામાં આવે છે.

તેઓ ૧૪૦ જેટલા લોકોને રોજગારી પૂરી પાડી રહ્યા છે, એમાં પણ ૭૦ ટકા જેટલી મહિલાઓ કામ કરી રહ્યાં છે.

દીપ ધીમેલિયા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વદેશી અને આત્મનિર્ભર ભારતના વિઝનને આવકારદાયક ગણાવે છે, અન્ય દેશો પરની ટૅક્નોલૉજી, ઈમ્પોર્ટ વગેરેની નિર્ભરતા ઘટે તે જરૂરી છે. રિજનલ કક્ષાએ વાઈબ્રન્ટ યોજાવાથી નાનાં શહેરના ઉદ્યોગ સાહસિકોને ફાયદો થશે અને તેમની પ્રોડક્ટને ગ્લોબલ પ્લૅટફૉર્મ મળી રહેશે.

## હસ્તકલાથી ગીતાબહેને મેળવી વાર્ષિક રૂ.૪૦ લાખની આવક

**જિજ્ઞા પાણખાણીયા**



કચ્છના છેવાડાના સુમરાસર ગામનાં ગીતાબહેન ભાનાણી એક પણ ચોપડી ભણ્યાં નથી, પરંતુ કૌશલ્યના બળે દેશ વિદેશની કંપનીઓ સાથે જોડાઈને વાર્ષિક રૂ.૪૦ લાખથી વધુની આવક રળી રહ્યા છે. ગીતાબહેન એમ્બ્રોઇડરી ભરતકલા સાથે વારસાગત રીતે જોડાયેલા છે.

કચ્છમાં ૧૨ જેટલી એમ્બ્રોઇડરી ભરતકલા પ્રચલિત છે જેમાં સુફ અને ખારેક એમ્બ્રોડરીમાં માહિર એવાં ગીતાબહેને ભરતકામ વિશે જણાવ્યું હતું કે, સુફ અને ખારેક એમ્બ્રોઇડરીમાં મશીનનો ઉપયોગ કર્યા વિના વિવિધ કાપડ પર દોરાઓના એક એક તારને ગણીને હાથેથી ભરત કરવામાં આવે છે. શરૂઆતમાં કલારક્ષા અને સૃજ્જન સંસ્થા સાથે જોડાઈને રોજગારી મેળવ્યા બાદ તેમણે રાજ્ય સરકારની લોનની સહાય અને માર્કેટિંગના વિવિધ પ્લૅટફૉર્મ થકી પગભર બન્યા.

તેમણે જણાવ્યું હતું કે, ચાણકદેવી સખીમંડળમાં મહિલાઓ ગોદડી, પર્સ, શર્ટ, શાલ, સાડી, દુપટ્ટા વગેરે જેવી વસ્તુઓ તૈયાર કરે છે. આ સાથે આભલાભરત, આહીરભરત, મોતીકામની અનેકવિધ વસ્તુઓ બનાવીને દેશભરમાં મોકલીને વ્યાપાર કરી રહ્યા છીએ. આત્મનિર્ભર બનેલા ગીતાબહેન અન્ય ૨૦૦થી પણ વધુ મહિલાઓને કામ આપીને મુખ્યમંત્રીશ્રીના મહિલા સશક્તીકરણના સ્વપ્નને સાકારિત કરી રહ્યા છે. તેઓ કચ્છમાં વિવિધ શાળા અને કોલેજોમાં જઈને કિશોરીઓને હસ્તકલા, ભરતગૂંથણની તાલીમ આપે છે.

ગીતાબહેન મુંબઈ, અમદાવાદ, જયપુર, દિલ્હી તેમજ કચ્છના રણોત્સવમાં ભાગ લઈને હાથવણાટની વિવિધ વસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે. તેઓ ગુજરાત સહિત ભારતભરમાં તથા વિદેશોમાં પ્રદર્શન અને મેળાઓમાં ભાગ લઈને લાખોની આવક મેળવે છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકારિત કરવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ લોકલ ફોર વોકલને પ્રાધાન્ય આપી રહ્યા છે. ત્યારે કચ્છમાં વોકલ ફોર લોકલ અંતર્ગત સુમરાસર ગામના ગીતાબહેન કાપડમાંથી રમકડાં, કિચન, ફ્રેમ, ટોડલિયા, વટવો જેવી અનેક નવીનતમ વસ્તુઓ બનાવી રહ્યાં છે.

## સુરેન્દ્રનગર 'સોલ્ટ-બેઝ્ડ કેમિકલ હબ' બનવા સજ્જ

**ભાવિકા લીંબાસીયા**

*સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર તરીકે જાણીતો સુરેન્દ્રનગર જિલ્લો તેનાં ઐતિહાસિક વારસા અને સમૃદ્ધ સંસાધનોને કારણે રોકાણ માટેના એક અગ્રણી કેન્દ્ર તરીકે ઊભરી રહ્યો છે. જિલ્લાનું અર્થતંત્ર તેનાં કૃષિ ઉત્પાદનો, મજબૂત ટેક્સટાઈલ માળખું અને સૌથી મહત્ત્વનું, મીઠાના વિશાળ ઉત્પાદન પર આધારિત છે, જે તેને સોલ્ટ-બેઝ્ડ કેમિકલ ઉદ્યોગો માટે એક આદર્શ હબ બનાવે છે.*

*સુરેન્દ્રનગરમાં રોકાણની સૌથી મોટી તક મીઠા આધારિત કેમિકલ ઉદ્યોગોમાં રહેલી છે. ગુજરાતમાં મીઠાના ઉત્પાદન માટે અગ્રેસર રહેલો સુરેન્દ્રનગર જિલ્લો સોડિયમ ક્લોરાઇડનું વિપુલ પ્રમાણ પૂરું પાડે છે, જે સોડા એશ, કોસ્ટિક સોડા અને ક્લોર-આલ્કલી જેવાં મુખ્ય કેમિકલ ઉત્પાદનો માટેનો પાયાનો અને અનિવાર્ય કાચો માલ છે. અહીં ખારું પાણી અને અનુકૂળ જમીન ઉપલબ્ધ હોવાથી મીઠું ઓછા ખર્ચે ઉપલબ્ધ થઈ શકે છે.*

*સુરેન્દ્રનગર કચ્છ-રાજકોટ રિજિયનમાં આવેલું હોવાથી તે અન્ય ઔદ્યોગિક ક્લસ્ટર્સ અને બંદરો સાથે સારી કનેક્ટિવિટી પૂરી પાડે છે. GIDC કેમિકલ પ્લાન્ટ્સ માટે જરૂરી જમીન, વીજળી અને પાણી જેવી માળખાગત સુવિધાઓ પૂરી પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગુજરાત સરકારની ઉદાર ઔદ્યોગિક નીતિઓ રોકાણ કરીને યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. સુરેન્દ્રનગર ગુજરાતના કેમિકલ ક્લસ્ટર્સ જેમ કે વડોદરા, દહેજ અને ભરૂચને જરૂરી કાચો માલ અને મધ્યવર્તી ઉત્પાદનો સપ્લાય કરવા માટે એક સપ્લાય ચેઈન હબ તરીકે કાર્ય કરી શકે છે.*

*મીઠા અને કેમિકલ ઉદ્યોગ ઉપરાંત, સુરેન્દ્રનગરમાં ટેક્સટાઈલ અને એગ્રો-બેઝ્ડ ઉદ્યોગોમાં પણ રોકાણની મોટી સંભાવનાઓ રહેલી છે. કપાસનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થવાને કારણે જિનિંગ, સ્પિનિંગ અને પ્રોસેસિંગ યુનિટ્સમાં રોકાણની તકો સર્જે છે. સાથે જ, 'બાંધણી', 'સોમાસરનાં પટોળા' અને 'ટાંગલિયા' જેવી પરંપરાગત હસ્તકલાઓ કાપડ ઉદ્યોગને સંસ્કૃતિ પ્રવાસન સાથે જોડીને વિકાસની નવી દિશાઓ ખોલી શકે છે.*

# ભારત-જર્મનીની મૈત્રીનું સાક્ષી બનતું ગુજરાતનું આકાશ







ગુજરાત માટે પતંગોએ આશા, આનંદ અને એકતાનો સંદેશ છે. ગુજરાતનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યો છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગોએ આકાશમાં ઉડાન ભરી, ત્યારે માત્ર દોરા સાથે બંધાયેલા પતંગો નહીં પરંતુ બે મહાન રાષ્ટ્રોની મિત્રતા પણ નવી ઊંચાઈએ પહોંચી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (IKF)-૨૦૨૬'નો ભવ્ય શુભારંભ કર્યો અને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ.

બંને મહાનુભાવોએ પરંપરાગત પતંગ ચગાવીને મહોત્સવનો પ્રારંભ કર્યો. આ દૃશ્ય માત્ર ઉત્સવની શરૂઆત નહોતી, પરંતુ ભારત અને જર્મની વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધો, પારસ્પરિક આદર અને વૈશ્વિક સહકારની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની છે. આ ઘટનાના સાક્ષી બન્યા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ જર્મન ચાન્સેલર શ્રી મેર્ઝે ખાસ તૈયાર કરવામાં આવેલી અમદાવાદની પોળ અને હવેલીની સ્થાપત્યકલાની પ્રતિકૃતિની તેમજ અડાલજની વાવની મુલાકાત લીધી હતી.

ઉત્તરાયણ માત્ર પતંગબાજી જ નહીં, પરંતુ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમાન ઉત્સવ છે. ત્યારે આ હેરિટેજ વોકવે પર પતંગ મ્યૂઝિયમ અને આઈકોનિક ફોટો વૉલ પણ બનાવવામાં આવી હતી. જ્યાં બંને મહાનુભાવોએ વિવિધ રાજ્યના, અલગ અલગ કાગળ અને બનાવટના પતંગો વિશે ઊંડાણપૂર્વકની જાણકારી પણ મેળવી હતી. અહીં પતંગ બનાવનારા કારીગરો દ્વારા પતંગ બનાવવાની કળાનું જીવંત નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. જેને મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના બેડાં રાસ, ઉપરાંત કુચીપુડી, ભરત નાટ્યમ સહિતની નૃત્યકળા અને મલખમ જેવી પ્રાચીન અંગ કસરત કળા દ્વારા વિશેષ પ્રસ્તુતિના માધ્યમથી બંને દેશના મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા.

તદુપરાંત, ગુજરાત-રાજસ્થાનના કુલ ૧૦૮ જેટલાં કલાકારો દ્વારા આ પ્રસંગે સિતાર, સારંગી, વાયોલિન, મેન્ડોલિન, હાર્મોનિયમ, બંસરી, ઢોલક, તબલાં, મૃદંગ સહિતનાં વિવિધ વાદ્યો દ્વારા વંદે માતરમ, વૈષ્ણવજન તેમજ જર્મન ધૂન વગાડીને ભારત અને જર્મનીની મિત્રતાની પ્રતીતિ કરાવવામાં આવી હતી.

ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાના અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા હતા. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સ્થાનિક ધારાસભ્યો, મહાપાલિકાના પદાધિકારીઓ, તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ ગાંધી આશ્રમની મુલાકાતથી પ્રભાવિત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે અમદાવાદના સાબરમતી નદીના તટે ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બંને મહાનુભાવોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાનશ્રી અને જર્મનીના ચાન્સેલરશ્રીએ આશ્રમમાં ગાંધીજીના નિવાસસ્થાન હૃદયકુંજની પણ મુલાકાત લઈ રેંટિયો કાંતવાની પ્રક્રિયાને નિહાળી હતી. તેમણે વિઝિટર્સ બુકમાં મૅસેજ આપતાં જણાવ્યું કે, સ્વતંત્રતાની શક્તિ અને દરેક વ્યક્તિના મનમાં મહાત્મા ગાંધીનો અડગ વિશ્વાસ આજે પણ આપણને પ્રેરણા આપે છે. આ માનવીય વારસો ભારત અને જર્મનીના લોકોને મિત્રતા દ્વારા એકસાથે જોડે છે. ગાંધી આશ્રમની આ મુલાકાત પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સાબરમતી આશ્રમના ચૅરપર્સન શ્રી કાર્તિકેય સારાભાઈ, સાબરમતી આશ્રમ રિડેવલપમેન્ટ કમિટીના ચૅરમૅન શ્રી આઈ.પી.ગૌતમ, અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર તથા જર્મન ડેલિગેશન અને ગાંધી આશ્રમ સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





## મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨નો પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી મેટ્રો રેલને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રોજેક્ટ અન્વયે મહાત્મા મંદિર, સેક્ટર-૨૪, સેક્ટર-૧૬, જૂના સચિવાલય, અક્ષરધામ, સચિવાલય અને સેક્ટર-૧૦એ એમ કુલ ૭ મેટ્રો રેલ સ્ટેશનોનું ઉદ્ઘાટન થવાથી ૭.૮ કિ.મી. લંબાઈનો રસ્તો હવે જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો છે.

દરરોજ અમદાવાદથી ગાંધીનગર અનેક મુસાફરો નોકરી, ધંધા તેમજ અભ્યાસ માટે આવનજાવન કરતા હોય છે. હવે આ મુસાફરોને મોટેરાથી મહાત્મા મંદિર સુધીના કુલ ૨૮.૨૫ કિમી લંબાઈ ધરાવતા મેટ્રો રૂટ દ્વારા ઝડપી, સુરક્ષિત અને આરામદાયક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ થશે. આ સાથે બંને શહેરો વચ્ચેની કનેક્ટિવિટી સુધરશે તથા ટ્રાફિકના ભારણમાં પણ ઘટાડો થશે.



# વિસ્તાર અને ઉત્પાદનોને જગવિખ્યાત બનાવે GI ટૅગ



**નીરવ રાવલ**

આપણે ઘણીવાર જે તે વિસ્તારની સાથે ત્યાંનાં ઉત્પાદનોનો ઉલ્લેખ કરીએ છીએ. ઘણીવાર જે તે વિસ્તાર કે નગર તેનાં આ ખાસ ઉત્પાદનોને કારણે જગવિખ્યાત બને છે. પાટણનાં પટોળા, જામનગરની બાંધણી એ જાણીતાં ઉદાહરણ છે. આવાં ખાસ ઉત્પાદનો અને ઉત્પાદકોને સંરક્ષિત કરવાના ઉદ્દેશ સાથે જ GI ટૅગ આપવાની શરૂઆત થઈ, જેથી આ કળા અને કારીગરોને વધુ સમૃદ્ધ બનાવી શકાય.

## GI ટૅગ એટલે શું?

GI નું પૂરું નામ Geographical Indication છે, જેનો અર્થ થાય છે ભૌગોલિક સંકેત, ચોક્કસ સ્થાન સાથે વસ્તુની સંકળાયેલી ઓળખ. GI ટૅગ કોઈ નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર કે ગામમાં ઉત્પાદિત થતી અથવા બનતી ખાસ વસ્તુ જે બીજે ક્યાંય ન થતી હોય તેને જ આપવામાં આવે છે. જે તે ચોક્કસ સ્થાને તૈયાર થતી આ વિશિષ્ટ વસ્તુ વિશેષ ગુણવત્તા ધરાવતી હોય અને જે તે વિસ્તારમાં તે ખૂબ જ જાણીતી હોય છે. વિશેષ ગુણવત્તા ધરાવતી અને કોઈ નિશ્ચિત વિસ્તારમાં જ થતી વસ્તુને GI ટૅગ આપવામાં આવે છે. ભારતમાં ખેતી, હસ્તકલા, ઉદ્યોગમાંથી બનતી ખાદ્ય સામગ્રીને GI ટૅગ આપવામાં આવે છે.

**ઈતિહાસ :** ભારતમાં GI ટૅગનો ઈતિહાસ ૧૯૯૯માં ભૌગોલિક સંકેતો (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમના અમલીકરણ સાથે શરૂ થયો હતો. GI ટૅગના વિચારને અંદાજે ૧૯૯૪માં વિશ્વ વેપાર સંગઠન (WTO) દ્વારા માન્યતા અપાઈ હતી. ભારતમાં દાર્જિલિંગની 'ચા' વર્ષ ૨૦૦૪માં GI ટૅગ મેળવનાર પ્રથમ ભારતીય ઉત્પાદન બની હતી.

## GI ટૅગની શરૂઆત :

ઔપચારિક રીતે ૧૯૯૪માં GI ટૅગને WTO દ્વારા માન્યતા આપવામાં આવી હતી, જેમાં TRIPS કરારમાં GI સુરક્ષા માટે લઘુતમ ધોરણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ભારતમાં GI ટૅગના અધિનિયમનો અમલ વર્ષ ૨૦૦૩માં થયો હતો. દાર્જિલિંગ ચા બાદ અરનમુલા કન્નડી અને પોચમપલ્લી ઈકત જેવાં અન્ય ઉત્પાદનોનો પણ સમાવેશ થયો. આ કાયદાનો હેતુ પરંપરાગત ચીજવસ્તુઓની પ્રામાણિકતાનું સંરક્ષણ કરવાનો અને પ્રાદેશિક વારસાને પ્રોત્સાહન આપવાનો હતો.

## GI ટૅગ કેવી રીતે મળે છે?

GI ટૅગ મેળવવા માટે રજિસ્ટ્રેશન કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ, ડિઝાઈન અને ટ્રેડમાર્ક (CGPDTM)માં કરવામાં આવે છે. જ્યાં કોઈ ઉત્પાદિત વસ્તુને ભૌગોલિક સંકેતો, ૧૯૯૯ના આધારે GI ટૅગ આપવામાં આવે છે. CGPDTMનું મુખ્યાલય ચેન્નઈ, તમિલનાડુમાં આવેલું છે. CGPDTM વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ આવે છે, જેમાં ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (Industry Conservation & Internal Trade Department) તરફથી આ ટૅગ એનાયત કરવામાં આવે છે. GI ટૅગનો સમયગાળો ૧૦ વર્ષ સુધીનો હોય છે અને ૧૦ વર્ષ પૂરાં થવા પર તેને ફરીથી રીન્યૂ કરવામાં આવે છે. વાચક મિત્રો, આવતા અંકથી આપણે જી.આઈ. ટૅગ વિશે વિસ્તૃત જાણકારી મેળવીશું.

### *ભૌગોલિક સંકેતની નોંધણીથી મળતા લાભ*

*• ઉત્પાદનોને કાનૂની સુરક્ષા મળે છે. • અન્ય લોકો દ્વારા GI ટૅગ ઉત્પાદનોના અનધિકૃત ઉપયોગને અટકાવી શકાય છે. • તે ગ્રાહકોને ઈચ્છિત લાક્ષણિકતાઓનાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મેળવવા માટે મદદ કરે છે અને પ્રામાણિકતાની ખાતરી આપે છે. • GI ટૅગ ધરાવતાં ઉત્પાદનોના ઉત્પાદકોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેમની માંગમાં વધારો કરીને આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. • ગ્રામીણ વિકાસમાં પણ GI ટૅગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. • GI ટૅગથી પૌરાણિક અને પરંપરાગત કૌશલ્યની જાળવણી કરી શકાય છે. • પ્રવાસન ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળે છે.*

# હેલ્ધી ડેમોગ્રાફી બાબતે તબીબોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ



ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના નવા વરાયેલા પદાધિકારીઓની શપથવિધિ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સંપન્ન થઈ.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનની શતાબ્દી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, દેશમાં હોલિસ્ટિક વ્યૂ સાથે હેલ્થ ઇકોસિસ્ટિમનું નિર્માણ થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સ્વચ્છતા મિશન, ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ, ખેલો ઇન્ડિયા, યોગ દિવસની ઉજવણી, આયુષ્માન ભારત યોજના, આભા અને ઇન્દ્રધનુષ અભિયાન, જેનરિક દવાઓને પ્રોત્સાહન, ઉપરાંત ટેલિમેડિસિન, વીડિયો કૉન્ફરન્સ દ્વારા માર્ગદર્શનના પ્રયાસો હાથ ધરાયા છે. દેશમાં હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. ૧,૬૫,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. દેશનું આરોગ્ય બજેટ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૩૭,૦૦૦ કરોડથી વધારીને આજે રૂ. ૧,૨૮,૦૦૦ કરાયું છે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તનો જોવા મળી રહ્યાં છે. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવો હોય તો હેલ્ધી ડેમોગ્રાફી આવશ્યક છે અને આ બાબતે તબીબોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેવાની છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં આરોગ્ય ક્ષેત્રે અદ્યતન સુવિધાઓ, હેલ્થકેર માટેની લેટેસ્ટ ટેક્નોલૉજી તથા અનેક મોડર્ન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી આરોગ્ય સેવાઓ વધારે સજ્જ બની છે. દેશમાં એઇમ્સ, મેડિકલ કૉલેજો તથા સુપરસ્પેશિયાલિટી હૉસ્પિટલની સંખ્યામાં ઝડપી વધારો થયો છે.

આઇએમએ નેટકોન-૨૦૨૫ની થીમ અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ કૉન્ફરન્સની થીમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ તથા કેન્દ્રી ગૃહમંત્રી શ્રી અમિતભાઈના 'હેલ્થકેર એન્ડ વેલબિઇંગ ફોર ઓલ'ના વિચારને સુસંગત છે.

# અમદાવાદમાં રૂ. ૩૩૦ કરોડના વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા રૂ. ૩૩૦ કરોડના વિવિધ વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ, ઇ-લોકાર્પણ, ગણેશજીની મૂર્તિનું અનાવરણ તેમજ નવી વણઝર ગામના પુનર્વસિત રહેવાસીઓને સનદ વિતરણનો કાર્યક્રમ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પશ્ચિમ તથા દક્ષિણ-પશ્ચિમ વિસ્તારો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા વેસ્ટર્ન ટ્રંક મેઇન લાઇન પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, હૃદયને આનંદ થાય એવો આ નાનકડો પરંતુ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ છે. વર્ષ ૧૯૭૩ની સાબરમતી પૂર દુર્ઘટનામાં જેમનું સર્વસ્વ નષ્ટ થયું હતું, તેવા નાગરિકોને આજે ૫૦ વર્ષ બાદ પ્લૉટની માલિકીનો અધિકાર મળ્યો છે. આટલા



મોટા અમદાવાદ શહેરમાં ૧૭૩ લાભાર્થીઓ સંખ્યાત્મક રીતે ઓછા લાગી શકે, પરંતુ તેમના માટે આ ક્ષણ અત્યંત ઐતિહાસિક અને ભાવનાત્મક છે. તેમણે આ સંવેદનશીલ નિર્ણય બદલ સ્થાનિક જનપ્રતિનિધિ શ્રી અમિતભાઈ ઠાકર, અમદાવાદના મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનરને અભિનંદન પાઠવ્યાં હતાં

તેમણે વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫માં શેલાથી ચાંદખેડા સુધીના વિસ્તારો ઝડપથી શહેરીકરણ પામ્યા. સંપૂર્ણ ડ્રેનેજ વ્યવસ્થા વિકસાવવા માટે વિશાળ બજેટ અને લાંબા સમયની જરૂર હતી. લોકો સારું અને સ્વસ્થ જીવન જીવી શકે તેવા વાતાવરણની રચના માટે અમૃત યોજના સહિત શહેરી વિકાસ યોજનાઓનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વણઝર ગામના નાગરિકોને આજે સનદ મળી છે, જે "લોકોના દુ:ખને સમજે તે જ સાચો લોકસેવક" આ વિચારધારાને પ્રતિબિંબિત કરે છે. શહેરી વિકાસના બજેટમાં ગયા વર્ષ કરતાં ૪૦ ટકા વધારો કરીને રૂ. ૩૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

# સુરતમાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળો યોજાયો



સદીઓથી પ્રામાણિક અને સ્વાભિમાની એવો ગુજરાતનો આદિવાસી સમાજ ગુજરાતની ઓળખ છે. તેમના સર્વગ્રાહી વિકાસ માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી જનજાતીય કલ્યાણ યોજના દિશાદર્શક બની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકાના વસરાઈથી રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતનું જે વિઝન આપ્યું છે તેમાં આદિવાસી ઉદ્યોગો, પરંપરાગત કલા અને MSMEના યોગદાનથી આ મેળો નવી દિશા કંડારશે. સ્વ સહાય મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન અને કૌશલ્ય વર્ધન કેન્દ્રોથી યુવાઓ જોબ ગિવર બન્યા છે. આદિવાસી સમાજનાં યુવાનો-યુવતીઓને સ્વરોજગારી માટેની પ્રેરણા તેમજ નાના મધ્યમ કક્ષાના MSME, ઉદ્યોગકારો અને વ્યવસાયોને એક મંચ પર લાવી ઉદ્યોગોને વ્યાપક બનાવવાનો આ મેળાનો ઉદ્દેશ હતો. આદિવાસી વાનગીઓનાં ૮૦ ઉપરાંત સ્ટોલ્સ, દેશભરનાં રાજ્યોના ૭૦૦થી વધુ પ્રતિનિધિઓની સહભાગિતા અને MSME માટે બિઝનેસ વર્કશોપ વગેરે દ્વારા મેળાએ એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ સાકાર કર્યો.

મુખ્યમંત્રીશ્રી ઉપરાંત નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતની ઉપસ્થિતિમાં આ મેળાના પ્રારંભે સુરત જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ.૮૫૮ કરોડનાં વિવિધ વિકાસકામોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ થયાં.

# ક્રીડા ભારતીનું અખિલ ભારતીય અધિવેશન સંપન્ન

ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે. ગુજરાત જ્યારે વિશ્વસ્તરની રમતોના આયોજનના યજમાન પદની જવાબદારી નિભાવવા સજ્જ છે ત્યારે ખેલ જગત સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ પણ તેમાં યોગદાન આપી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોમનવેલ્થ ગૅઇમ્સની યજમાની ભારતને મળી અને તેમાં પણ અમદાવાદની પસંદગી થઈ તેવા ગૌરવપૂર્ણ અવસરે ક્રીડા ભારતીનું પાંચમું અધિવેશન અમદાવાદમાં યોજાયું હતું. આ અધિવેશનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો અને તેના સમાપન સમારોહમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા વર્ષ ૨૦૧૦થી ખેલ મહાકુંભનું આયોજન થયું તેના પરિણામે ૨૦૧૦માં ૧૬ લાખ લોકોની સહભાગિતાની સામે ૨૦૨૫માં ૭૨ લાખ લોકો જોડાયા. ગુજરાતમાંથી ખેલાડીઓએ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રમતોમાં પ્રતિનિધિત્વ કર્યું છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા 'ક્રીડા જ્યોત' સ્મરણિકાનું વિમોચન પણ કરાયું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ખેલાડીઓને સ્પોર્ટ્સ સંલગ્ન સારવાર માટે વિદેશ ન જવું પડે તે માટે ગુજરાતમાં અત્યાધુનિક 'સ્પોર્ટ્સ મેડિસિટી' વિકસાવવામાં આવી રહી છે. તેમણે ઓનલાઈન ક્રીડા જ્ઞાન પરીક્ષાના વિજેતાઓને ચેક એનાયત કર્યા હતા. આ અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રીની વનવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે અનોખી સંવેદના





ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સૌ નાગરિકોને પોતાના લાગે છે. જેનું કારણ સ્પષ્ટ છે. તેઓ જ્યારે જેને મળે છે ત્યારે તેમના થઈને તેમની વાત ધૈર્યપૂર્વક સાંભળે છે અને તેમના મનમાં એક સરળ છતાં મક્કમ વ્યક્તિત્વની અમીટ છાપ જન્માવે છે. તેથી જ તેમને દાદાના હુલામણા નામે પણ ઓળખવામાં આવે છે. તેમની સરળ શૈલી સામેવાળાને પોતાના બનાવી લે છે. આવો જ અનુભવ ડાંગનાં બાળકોને પણ થયો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વનવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના દાખવીને ડાંગનાં બાળકો સાથે ખાસ સમય ફાળવીને ગાંધીનગરમાં મુલાકાત કરી હતી. ડાંગ જિલ્લાના માલેગામની શાળાના શિક્ષકો સહિત ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ગાંધીનગર આવ્યા હતા ત્યારે મુખ્યમંત્રીશ્રી સાથેની તેમની આ સહજ મુલાકાત આદિજાતિ વિદ્યાર્થીઓ માટે યાદગાર સંભારણું બની હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બાળકો પાસેથી તેમને અભ્યાસ માટે મળી રહેલી અદ્યતન સુવિધાઓની વિગતો પણ જાણી હતી. સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના ટ્રસ્ટીપણા હેઠળ સંચાલિત પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા ડાંગ જિલ્લાના માલેગામમાં વનવાસી વિદ્યાર્થીઓ માટે સર્વાંગી શિક્ષણ અને વિકાસનો અનોખો સેવાયજ્ઞ ચાલે છે. પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા ૨૦૦૨થી શરૂ થયેલા સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરમાં ડાંગ જિલ્લાનાં ૧૪૨ અંતરિયાળ ગામોનાં ૪૦૦થી વધુ બાળકો આ નિવાસી શાળામાં અભ્યાસનો લાભ મેળવી રહ્યાં છે.

આ શાળામાં ભણીને આ વર્ષે ૧ વિદ્યાર્થી આઇ.આઇ.ટી દિલ્હીમાં અને ૨ વિદ્યાર્થીઓ આઈ.આઇ.ટી રૂડકી અને ગોવામાં છે. અગાઉ ૧૮૨ એન્જિનીયર્સ, ૨૨ ડૉક્ટર્સ, ૩૬ શિક્ષકો અને ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ પેરામેડિકલ અભ્યાસનો લાભ મેળવ્યો છે તેની વિગતોથી પણ મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા.

# વીરમગામ, દેત્રોજ, માંડલને રૂ. ૪૯૭ કરોડના વિકાસકાર્યોની ભેટ

વીરમગામના રોડ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે ઑવરબ્રિજ સહિતનાં રૂ. ૪૯૭ કરોડનાં વિકાસકામોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૦૨૬ના વર્ષના પ્રથમ દિવસે ખાતમુહૂર્ત કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડલ-બેચરાજી-વીરમગામ વિસ્તાર આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝનથી એસ.આઇ.આર. અને ઓટો હબ બની ગયો છે. કનેક્ટિવિટી સુદૃઢ બનાવવા માટે રોડ, રેલવે સહિતનાં અનેક કામો વીરમગામ-માંડલ વિસ્તારમાં થયા છે. છેલ્લાં ત્રણ વર્ષમાં જ માંડલ-બેચરાજી SIRને જોડતા રોડ, રસ્તા અને બ્રિજનાં રૂ. ૪૮૮ કરોડનાં કામો પૂર્ણ કર્યાં છે. SIR સાથે જોડાતા ધોરીમાર્ગો, પરિવહન માળખાના વિકાસ અને ફોરલેન રોડ તથા રેલવે ઓવરબ્રિજના લીધે આ વિસ્તારના વિકાસને નવી દિશા અને નવી ગતિ મળશે. રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી કોકતા ફાટક પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે, જેનાથી આશરે ૧ લાખ નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે.

આ પ્રસંગે વીરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલે જણાવ્યું હતું કે વિકાસકાર્યો પૂર્ણ થતાં તેનો લાભ સ્થાનિક વિસ્તાર



સહિત શંખેશ્વર, બહેચરાજીના શ્રદ્ધાળુઓને થશે. આ કાર્યક્રમમાં સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને મિલેટ બાસ્કેટ આપવામાં આવી હતી.

આ ખાતમુહૂર્તમાં વીરમગામ નગરપાલિકાથી માંડલ-દસાડા રોડ, રૈયાપુર ઓવરબ્રિજ, વિઠ્ઠલાપુરથી દેત્રોજ-કડી રોડના રિસર્ફેસિંગનું કામ, થોરી મુબારકથી લીયા-વાંસવા રોડ, કરકથલ-હાંસલપુર રોડ, દેત્રોજ સર્કિટ હાઉસ, વીરમગામ સર્કિટ હાઉસ, દેત્રોજ સબ રજિસ્ટ્રાર કચેરી તેમજ સચાણા બાયપાસ રોડનાં કામો સહિત વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

# મહેસાણા લાગશે વધુ મનમોહક

મહેસાણા મ્યુનિસિપલ કૉર્પોરેશનને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા મહાનગરપાલિકાના રૂ. ૧૪૦ કરોડનાં અને જિલ્લાનાં રૂ. ૬૯૬ કરોડ મળી કુલ રૂ. ૮૩૬ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતા. મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમ પૂર્વે મહેસાણાના નવનિર્મિત એમ.એમ.સી. પ્લાઝાના સ્પેસ મેકિંગ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું અને રૂબરૂ મુલાકાત લીધી હતી.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જ્યારે મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ પડ્યું ત્યારે તેની પ્રગતિ અંગે ચિંતા હતી, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ૨૪ કલાક વીજળી અને સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા ગુજરાતને નંબર વન બનાવ્યું છે. રાજ્યમાં ગુણવત્તા વગરનું કોઈ પણ કામ ચલાવી લેવામાં આવશે નહીં. 'સ્પેસ મેકિંગ' પ્રોજેક્ટથી મહેસાણાવાસીઓ સ્વચ્છતા અને જનસુવિધાનો આનંદ માણી શકશે. આ પ્રસંગે ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**સ્પેસ મેકિંગ' પ્રોજેક્ટ :** 'સ્પેસ મેકિંગ' પ્રોજેક્ટ અંતર્ગત એમ.એમ.સી. પ્લાઝા (MMC Plaza) અને તાલુકા પંચાયત કચેરીના અગ્રભાગને આધુનિક ડિઝાઇન સાથે પુનઃવિકસિત કરી ત્યાં પાર્કિંગની સુવ્યવસ્થિત વ્યવસ્થા અને સુશોભિત લેન્ડસ્કેપિંગ કરવામાં આવ્યું છે. જેનાથી ટ્રાફિકનું ભારણ ઓછું થશે અને નાગરિકોને એક જીવંત, સુંદર અને સુવિધાયુક્ત શહેરી વાતાવરણ પ્રાપ્ત થશે, જે મહેસાણાની આધુનિક ઓળખ પ્રસ્થાપિત કરશે.

# જર્મન બિઝનેસ ડેલીગેશનની ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે જર્મનીના સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફના નેતૃત્વમાં જર્મની બિઝનેસ ડેલીગેશને ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ ડેલિગેશન ભારત-જર્મન સી.ઈ.ઓ. ફોરમમાં સહભાગી થવા ભારત-ગુજરાતની મુલાકાતે આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જર્મન ચાન્સેલર શ્રીયુત ફ્રેડરિક મેર્ઝની ઉપસ્થિતિમાં યોજાયેલા સી.ઈ.ઓ. ફોરમની સફળતા માટે આ ડેલિગેશનને અભિનંદન પાઠવવા સાથે ગુજરાતમાં આવકાર્યા હતા.

આ ડેલીગેશનના સભ્ય અને સિમેન્સના સી.ઈ.ઓ. રોનાલ્ડ બુશે પણ ગુજરાતમાં એસ.એમ.ઈ અને અન્ય ઉદ્યોગો સપ્લાય ચેઈનનો ભાગ બને અથવા સપ્લાય ચેઈન ડેવલપ કરવામાં ઉપયોગી થઈ શકે તે અંગેના સુઝાવો આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની આ બેઠકની ચર્ચામાં જર્મનીના વિવિધ ક્ષેત્રોના જે ૩૦થી વધુ અગ્રણી ઉદ્યોગ-રોકાણકારો જોડાયા હતા. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, એસ.જી.એસ.ટી. કમિશનર શ્રીમતી આરતી કંવર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.

# રાજ્યની સલામત એસ.ટી. સવારીમાં નવા સારથિ અને હેલ્પર જોડાયા



ગુજરાતની પ્રાથમિક પરિવહન સેવા- એસ.ટી. નિગમે અનેક નવા આયામો હાંસલ કર્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પર કક્ષાના ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોના ડ્રાઇવર્સ છેવાડાના માનવી સુધી પહોંચે છે એટલે આ બસ ચાલકો સલામત સવારીની સાથે સમયપાલનની મોટી જવાબદારીનું વહન કરી સરકારની ઈમેજ ઘડનારા મહત્ત્વપૂર્ણ અંગ છે. નવી નિમણૂક પામેલા ઉમેદવારો રાજ્યની પરિવહન વ્યવસ્થાના પ્રહરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યની વાહન વ્યવહાર વ્યવસ્થાની કાયાપલટ કરી અને જરીપુરાણી બસોની સામે એસી વોલ્વો બસો કાર્યરત કરી છે. તેમણે ઉમેદવારોને જીવનમાં કોઈ પણ પરિસ્થિતિમાં બેલેન્સ રાખવાની સજ્જતા કેળવવા અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેદવારોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, ગુજરાતના આપાતકાલીન વિભાગોની જેમ એસ.ટી. નિગમના સૌ કર્મચારીઓ ૨૪×૭ કાર્યરત રહે છે. આ કર્મયોગીઓની મહેનત જ ગુજરાતના સુશાસનનો આધારસ્તંભ છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રતીક રૂપે ચાર ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરાયા તેમજ નિગમ દ્વારા બનાવવામાં આવેલી 'જન સારથિ' ડ્રાઈવિંગ સ્કૂલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગરમાં ટાઈફોઈડની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક



ગાંધીનગર શહેરમાં ટાઈફૉઈડના રોગચાળાના કારણે સર્જાયેલી સ્થિતિમાં મહાનગરપાલિકા અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે કરાયેલી દર્દીઓની સારવાર તથા રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાંઓ વધુ સઘન બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉચ્ચસ્તરીય સર્વગ્રાહી સમીક્ષા બેઠક કરી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વીડિયો કૉન્ફરન્સમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી જે. એન. વાઘેલાએ મુખ્યમંત્રીશ્રીને આ રોગચાળાના નિયંત્રણ માટે મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને થઈ રહેલી કામગીરીની વિગતો આપી હતી. મહાનગરપાલિકા દ્વારા ૮૫ સર્વે ટીમ બનાવીને ૧ લાખ ૫૮ હજારથી વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. ક્લોરિન ટૅબ્લૅટ્સ અને ઓ. આર.એસ. પૅકેટ પણ વિતરણ કરવામાં આવ્યાં તેમજ પાણીના તમામ સ્રોતોમાં સુપર ક્લોરિનેશન પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પાણીજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા પીવાના પાણીની શુદ્ધતા બાદ જ પાણી વિતરણ થાય તે માટેના સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા હતા. ઉપરાંત આવશ્યક્તા જણાતા ફિલ્ડ વિઝિટ કરીને ગુણવત્તા અને ચોકસાઈ સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી. આ સાથે તેમણે વૉટર ટેસ્ટિંગનો વ્યાપ વધારી લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવા તાકીદ કરી હતી. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અને મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ અને તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

# લવેબલ અને લિવેબલ ગુજરાતનાં નગરો



શહેરો એટલે સુવિધા. આંતરમાળખાકીયથી શરૂ કરી શ્રેષ્ઠ અને સ્વચ્છ રહેણાક, આરોગ્ય તેમજ શિક્ષણ જેવી તમામ સવલતો સાથે ગુજરાતનાં નગરો 'મોસ્ટ લિવેબલ સિટીઝ' બન્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા મહાનગરપાલિકાના રૂ.૯૫૭ કરોડનાં વિવિધ વિકાસકામોનાં ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કર્યા હતાં. આ કાર્યોમાં આંતરિક માર્ગો, ગટર વ્યવસ્થાપન, વીજળી, પાણી વિતરણ સહિતનાં કામોનો સમાવેશ થયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા શહેરી વિકાસ વર્ષને પરિણામે રાજ્યનાં નગરો અને મહાનગરો લિવેબલ સિટીઝ બન્યાં છે. શહેરોના વિકાસ વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરી ત્યારે સમગ્ર રાજ્યનું બજેટ માત્ર રૂ. ૫૦૦ કરોડ હતું, જેની સામે માત્ર વડોદરામાં એક જ દિવસમાં રૂ. ૯૫૭ કરોડનાં વિકાસકામો થઈ રહ્યાં છે. વડોદરા હવે ગ્રીન મોબિલિટી અને ઇવી (EV) હબ તરીકે પણ ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. શહેરમાં ઇવી બસ ટર્મિનલ, વેસ્ટ મૅનેજમેન્ટ અને રિન્યૂએબલ એનર્જીની દિશામાં થઈ રહેલાં કાર્યોની તેમણે સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ મહાનગરપાલિકા દ્વારા નવા ખરીદાયેલાં વાહનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા તેમજ મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનિષાબહેન વકીલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૬ના કૅલેન્ડરનું વિમોચન



કૅલેન્ડરનો સીધો અર્થ એટલે આયોજન! નવા વર્ષની શરૂઆત આપણે ભવિષ્યના આયોજન માટે કરતા હોઈએ છીએ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૬ના કૅલેન્ડરનું વિમોચન કર્યું હતું. આ કૅલેન્ડર 'આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ - વોકલ ફોર લોકલ' થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં આત્મનિર્ભર ભારતના સંકલ્પને સિદ્ધ કરવાના ગુજરાતના પુરુષાર્થરૂપે ગુજરાતે સાધેલી ઔદ્યોગિક પ્રગતિ અને કલા-સંસ્કૃતિની સમૃદ્ધિને નયનરમ્ય તસવીરો અને અગત્યની ટૂંકી વિગતો સાથે પ્રસ્તુત કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વર્ષ ૨૦૨૬ના કૅલેન્ડરને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ કૅલેન્ડરમાં ઓટોમોબાઇલ, સિરામિક, ડાયમંડ, સેમિકન્ડક્ટર, ફાર્મા અને રાસાયણિક ઉદ્યોગો અને પાટણનાં પટોળાં, કચ્છની હસ્તકલા, પિઠોરા ચિત્રકળા, બાંધણી, રોગાન ચિત્રકળા, અકીક કારીગરી જેવી ગુજરાતની વિશેષ કલાઓ રજૂ કરવામાં આવી છે.

આ પ્રસંગે યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી વિક્રાંત પાંડે, કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ અને અગ્ર સચિવ શ્રી મોહમ્મદ શાહિદ, માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી કચેરીના ઇન્ચાર્જ નિયામક શ્રી પી. બી. કનવર, પ્રેસ અકાદમી સચિવશ્રી જયેશ દવે, સરકારી ફોટો લીથો પ્રેસના મૅનેજર શ્રી પી.જી. શાહ ઉપસ્થિત રહ્યા હતા.



**મુલાકાત :** નેપાળના રાજદૂત ડૉ.શંકર પ્રસાદ શર્મા નેપાળના ટૂરિઝમના પ્રમોશન માટે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. તેમણે ખાસ કરીને ટૂરિઝમ, ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી, હાઇડ્રો એનર્જી અને મેન્યુફેક્ચરિંગ તથા એજ્યુકેશન સેક્ટરમાં સહભાગિતા અંગે મુખ્યમંત્રીશ્રી સાથે પરામર્શ કર્યો હતો. આ મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ વિભાગનાં અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ અને નેપાળ ડેલિગેશનના સભ્યો જોડાયાં હતાં.

**લોકાર્પણ :** પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ ઔદ્યોગિક વિકાસના ઉદ્દેશ સાથે સુરત જિલ્લાના બામણિયાની મહુવા સુગર ફૅક્ટરીમાં રૂ.૨૫ કરોડના ખર્ચે નિર્મિત આધુનિક બાયોગેસ યુનિટનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, રમત-ગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત સહિત બાયોગેસ પ્લાન્ટના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






**અભિવાદન :** સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા અમદાવાદમાં આયોજિત મહાસંમેલન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીશ્રીઓનો અભિવાદન સમારંભ યોજાયો હતો. રાજ્ય સરકારમાં નવનિયુક્ત મંત્રીશ્રીઓનું અભિવાદન કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ સમાજના આગેવાનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, ધારાસભ્યશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



**મહોત્સવ :** વડોદરાના નવલખી મેદાનમાં વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત 'ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ'માં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જોડાયા હતા. આ ઓર્ગેનાઇઝેશન દ્વારા શિક્ષણ, ગરીબ કલ્યાણ, આરોગ્ય અને સનાતન સંસ્કૃતિનાં પ્રચાર-પ્રસાર જેવાં ક્ષેત્રોમાં કામગીરી કરવામાં આવે છે જેને મુખ્યમંત્રીશ્રીએ 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' કહી બિરદાવી હતી. સંસ્થાના ૧ કરોડ નિઃશુલ્ક થેલિસીમિયા ટેસ્ટના સંકલ્પની સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી પાસેથી લોકકલ્યાણનાં કાર્યો માટે આશીર્વચન મેળવ્યાં હતાં.

**સત્સંગ :** વડોદરાના નાનકવાડી ગુરુદ્વારામાં વીર બાળ દિવસ નિમિત્તે યોજાયેલા સત્સંગમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. તેમણે શીખ સંપ્રદાયના ૧૦મા ધર્મગુરુ, ગુરુ ગોવિંદસિંહના બે વીર પુત્રોના બલિદાનને યાદ કરી ગુરુદ્વારામાં યોજાયેલા પ્રદર્શનની મુલાકાત લઈ વિવિધ શીખ સંતો-વીર શહીદોને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુરુ ગ્રંથ સાહેબને ફૂલો અર્પણ કરી નમન કર્યું હતું સાથે ઉપસ્થિત શીખ સંપ્રદાયના સ્થાનિક ગુરુઓ અને અગ્રણીઓ સાથે આત્મીય વાતચીત કરી હતી.





**નમોત્સવ :** અમદાવાદના મણિપુરમાં આવેલા સંસ્કારધામમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનના વિવિધ પડાવોને સંગીત, નૃત્ય, નાટ્ય અને આધુનિક મલ્ટિમીડિયાના માધ્યમથી 'નમોત્સવ' સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ મેગા ઉત્સવને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૅબિનેટ મંત્રીઓ સર્વશ્રી નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ગ્રામવિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા તેમજ રાજ્યમંત્રી સર્વશ્રી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષાબહેન વકીલ, કૃષિ મંત્રી શ્રી રમેશભાઈ કટારા, વન અને પર્યાવરણમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, રમતગમતમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, નાણામંત્રી કમલેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસમંત્રી શ્રી પી.સી. બરંડા, ખાદીમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, ઉપરાંત ફિલ્મ દિગ્દર્શક શ્રી આશુતોષ ગોવારિકર અને શ્રી સાંઈરામ દવે, કલાકારો અને પ્રેક્ષકોએ માણ્યો હતો.




**આશા વાન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્સરની પ્રાથમિક તપાસ માટે કેન્સર સ્ક્રિનિંગ માટેની 'આશા વાન'નું લોકાર્પણ કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ભાવનગર શાખાને જેનબર્ક ફાર્માસ્યુટિકલ દ્વારા ડોનેશન તરીકે આ ભેટ પ્રાપ્ત થઈ હતી. આ વાન EVA-Pro ડાયગ્નોસ્ટિક્સ, મેમોગ્રાફી યુનિટ અને નિષ્ણાત ટેલી કન્સલટેશનથી સુસજ્જ છે. વિવિધ અંગોના કેન્સરના રોગના નિદાન માટેનું સ્ક્રિનિંગ અલ્ટ્રા મોડર્ન ઈન્સ્ટ્રુમેન્ટથી જે તે સ્થળ પર થઈ શકશે.

**સન્માન :** સુરતની વિવિધ સંસ્થા અને સંગઠનોના સહયોગથી સમસ્ત લેઉવા પાટીદાર સમિતિ દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મોટા વરાછામાં 'ભવ્ય રાજસ્વી સન્માન સમારોહ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ, કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તેમજ કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા અને નાણાં રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલની સાથે ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સરદારસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લોકડાયરાના પ્રખ્યાત કલાકારોએ લોકગીતોની રમઝટથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.






**વાત્સલ્ય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ સ્થિત પ્રકાશ મનોદિવ્યાંગ નિવાસી શાળાની મુલાકાત લઈ શાળાની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ મનોદિવ્યાંગ બાળકોને તાલીમ આપવાની કામગીરીની પ્રશંસા કરી તેને ઉત્તમ સેવા સાથે સરખાવી હતી. તેમણે સ્નેહસભર વડીલ વાત્સલ્ય ભાવથી મનોદિવ્યાંગ બાળકોને મિઠાઈ વિતરણ કરીને ઉતરાયણ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરે વિવિધ મેડલ મેળવનારા વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતુ. આ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી સહિત અન્ય મહાનુભાવો તેમજ ટ્રસ્ટીઓ, શિક્ષકો અને મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# ભારત એક ગાથા : સુમનની સુગંધ સાથે સુંદરતાનો સમન્વય

અમદાવાદની શાન ગણાતા સાબરમતી રિવરફ્રન્ટ પર જ્યારે હજારો પુષ્પો એકસાથે ખીલી ઉઠે, ત્યારે તે માત્ર એક પ્રદર્શન નથી રહેતું, પણ એક જીવંત સંસ્કૃતિની અભિવ્યક્તિ બની જાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ પામેલો ‘અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬’ એ ભારતની અમર ગાથાને સુગંધિત કરી હતી. અહીંયા ખીલેલા ફૂલો માત્ર રંગ નથી બિખેરતા, પરંતુ તે ‘વિકસિત ભારત’ના સંકલ્પ અને આપણી પ્રાચીન પરંપરાઓના અતૂટ બંધનને આલેખે છે. 'ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬' માત્ર પુષ્પોનું પ્રદર્શન નહીં, પરંતુ ભારતના ભવ્ય ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યનું એક જીવંત સંગમ બની રહ્યો.




અમદાવાદના આંગણે આયોજિત આ ૧૪મો ફ્લાવર શૉ એક નવી ઊંચાઈએ પહોંચ્યો છે. રિવરફ્રન્ટના પશ્ચિમ કાંઠે જ્યારે મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લીધી, ત્યારે સમગ્ર વાતાવરણ પુષ્પોની સુવાસ અને દેશભક્તિના ગૌરવથી ભરાઈ ગયું હતું. આ પ્રસંગે તેમની સાથે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા ઉપસ્થિત રહી આ કલાત્મક મહોત્સવને પ્રોત્સાહિત કર્યો હતો. આ વર્ષની થીમ ‘ભારત એક ગાથા’ એ સાચા અર્થમાં મુલાકાતીઓને ભારતની હજારો વર્ષ જૂની સફરનો અનુભવ કરાવી હતી.

સતત ત્રીજા વર્ષે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની હેટ્રિક નોંધાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફ્લાવર શૉએ વૈશ્વિક સ્તરે ઈતિહાસ રચ્યો. પ્રદર્શનના કેન્દ્રમાં બિરાજમાન ભવ્ય ‘ફ્લાવર મંડલા’એ તેના ૩૩.૬ મીટરના વિરાટ વ્યાસ સાથે વિશ્વનું સૌથી મોટું ફ્લાવર મંડલા હોવાનું બહુમાન મેળવ્યું. તેની સમાંતરે, અખંડ ભારતના




શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના ફૂલોથી કંડારાયેલા ૪૧.૧૭ મીટર લાંબા પોર્ટ્રેટે રાષ્ટ્રીય એકતાની મજબૂત ગાથા રજૂ કરી. આ બંને કૃતિઓએ ભારતીય કારીગરી અને વિરાટ વિચારધારાને પ્રતિબિંબિત કરી હતી.

નારી શક્તિને સમર્પિત 'સ્ત્રી સશક્તીકરણ' ઝોન આ વર્ષનું સૌથી સંવેદનશીલ આકર્ષણ બની રહ્યું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરિત થયેલું ૧૫ ફૂટ ઊંચું સ્ટીલ પિરામિડ 'ધ સમિટ ઑફ વિમેન્સ વોઈસીસ' મહિલાઓની અદમ્ય સંકલ્પશક્તિનું પ્રતીક બન્યું. આ શિલ્પના ચાર સ્તંભ મહિલાઓના જીવનના વિવિધ પડકારો અને વળાંકોને દર્શાવે છે, જે અંતે એક શિખર પર મળે છે. શિલ્પની અંદર લટકતા ૧૦૮ કાર્ડ્સ પર વિશ્વની મહાન વિદુષી મહિલાઓની પ્રેરક વાતો અંકિત કરવામાં આવી, જે નવી પેઢીની યુવતીઓ માટે પ્રેરણાનું ઝરણું બન્યું.

તકનીકી દ્રષ્ટિએ પણ આ ફ્લાવર શૉ અત્યાધુનિક રહ્યો. મુલાકાતીઓ દરેક શિલ્પ કે ઝોન વિશે ઊંડાણપૂર્વક જાણી શકે તે માટે QR કોડ આધારિત ઓડિયો ગાઇડની સુવિધા ઊભી કરવામાં આવી હતી. આ ઉપરાંત, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવતા ૧૦ હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં સ્પ્રિન્કલર ઈરિગેશન સિસ્ટિમે પાણી બચત સહિત પ્રકૃતિના જતન અને પ્રગતિનો સંદેશ આપ્યો હતો.

ફ્લાવર શોમાં બાળકો માટેનો વિશેષ ઝોન, સોવેનિયર શોપ, નર્સરી અને વિવિધ વાનગીઓના સ્ટોલ્સે મુલાકાતીઓના અનુભવને યાદગાર બનાવ્યો હતો. અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬ એ માત્ર ફૂલોની સજાવટ નથી, પરંતુ એ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સપનાને પુષ્પોની પાંખડીઓ દ્વારા સાકાર કરતું એક પવિત્ર મિશન બન્યું હતું. આ મિશનમાં ભવિષ્યમાં વધુ ફૂલો ખીલશે તે નક્કી છે. સાબરમતીના તટે લહેરાયેલી પુષ્પોની સુવાસે નાગરિકોના હૃદયમાં રાષ્ટ્રભક્તિ અને પર્યાવરણ પ્રત્યેની પ્રીતિ જગાડી.





# ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહક સહાય અને મંજૂરીપત્રોનું વિતરણ

રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી ઉદ્યોગકારો સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સંવાદ કર્યો હતો. તેમણે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગોને રૂ. ૬૬૧ કરોડના મંજૂરીપત્રોનું વિતરણ કર્યું હતું.



નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગકારોને સંબોધતાં કહ્યું હતું કે, રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે જ. રાજકોટ હાલ રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુદ્દે રૉકેટ ગતિએ ઊડી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને બહુ મોટું પ્લૅટફૉર્મ અને બુસ્ટ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર એમ.એસ.એમ.ઇ. સેક્ટરને બુસ્ટ કરવા પ્રયાસ કરી રહી છે. દેશમાં પહેલીવાર ખૂબ જ ટૂંકા સમયમાં રાજ્યમાં ૧૬થી વધુ જી.આઇ.ડી.સી. માટે જગ્યાની ઓળખ કરીને તેને ફાળવવાની કામગીરી મહેસૂલ વિભાગે કરી છે, જે પ્રશંસનીય છે.

રાજકોટના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને કચ્છમાં યોજાઈ રહેલી આ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ ઉદ્યોગજગત માટે નવા યુગનું પ્રવેશદ્વાર સાબિત થશે. જિલ્લા સ્તરે યોજાયેલા વર્કશોપ અને કૉન્ફરન્સના પરિણામે કરોડો રૂપિયાના એમઓયુ થયા છે.

# આણંદમાં બસસ્ટેશનની મુલાકાતે નાયબ મુખ્યમંત્રીશ્રી

આણંદના નવા બસસ્ટેન્ડની નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુલાકાત લીધી લઈ મુસાફરો અને વિદ્યાર્થીઓ સાથે સુવિધા અંગે સંવાદ કર્યો હતો. તેમણે બોરસદ રૂટની બસમાં સ્વચ્છતાના માપદંડોનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમણે બસમાં ઉપસ્થિત મુસાફરો અને વિદ્યાર્થીઓને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.



તેમણે સ્ટેન્ડ પરના ઈન્કવાયરી વિન્ડો પર ફરજરત GSRTCના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચર્ચા કરી બસ સેવાઓમાં ખૂટતી કડીઓ અને જરૂરી સુવિધાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મુસાફરોને કોઈ તકલીફ ન પડે તેમજ પરિવહન સેવા વધુ સુદ્દઢ બને તે બાબત પર તેમણે ભાર મૂક્યો હતો.

આ વેળાએ મહેસૂલ રાજ્ય મંત્રીશ્રી સંજયસિંહ મહીડા સહિત જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અક્ષરફાર્મમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની સૌજન્ય મુલાકાત પણ લીધી હતી.

## ઝડપી નિર્ણય - તુરંત અમલ

*આણંદ બસસ્ટેશનની મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ બસમાં વિદ્યાર્થીઓએ તેઓને બોરસદ અને ડાકોરની વધારાની ટ્રીપ ચાલુ કરવામાં માંગણી કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ તે બાબતે ઉચ્ચ અધિકારી સાથે ફોન ઉપર વાત કરી સૂચના આપી હતી, જેનો આણંદ તથા બોરસદ એસ. ટી. ડેપો સંચાલિત નવીન આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ શરૂ કરાતાં મુસાફરોએ ખુશી વ્યક્ત કરી નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.*



**રૂબરૂ :** સુરતની મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કાપોદ્રા અને વરાછા પોલીસ સ્ટેશનમાંથી વિભાજિત કરી જનભાગીદારીથી રૂ.૧ કરોડના ખર્ચે નવનિર્મિત અશ્વિનીકુમાર પોલીસસ્ટેશનનું લોકાર્પણ કર્યુ હતું તેમજ પોલીસસ્ટેશન પરિસરમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તેઓએ સુરત પોલીસના 'તેરા તુજકો અર્પણ' અભિયાનની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત સુરત શહેરના અઠવાલાઈન્સ સ્થિત પોલીસ મુખ્ય મથકથી તેમણે અઠવાલાઈન્સ, ભેસ્તાન, પાલ અને અમરોલીમાં નિર્માણ થનારા રૂ. ૭૫ કરોડના ખર્ચે ૨૩૨ અત્યાધુનિક સુવિધાયુક્ત આવાસોના બાંધકામનું ભૂમિપૂજન કર્યુ હતું.





**સૂર્યવંદના :** ગુજરાતમાં એક લાખથી વધુ નાગરિકોએ વર્ષ ૨૦૨૬ના પ્રથમ સૂર્ય કિરણને સૂર્ય નમસ્કાર અને ધ્યાન કરીને વધાવ્યું હતું. રાજ્યભરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં 'નવા વર્ષના પ્રથમ સૂર્યકિરણને નમસ્કાર' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલસિંહ વર્ચ્યુઅલી જોડાયા હતા. યોગ બોર્ડની યૂ ટ્યૂબ ચેનલ પર આ કાર્યક્રમના જીવંત પ્રસારણમાં એક લાખથી વધુ નાગરિકોએ ઓનલાઈન જોડાઈને સૂર્ય નમસ્કાર કર્યા હતા. આ ઐતિહાસિક અભિયાનમાં જોડાયેલા તમામ નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યાં હતાં.

**સેવા યજ્ઞ :** નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ૪૧મા જન્મદિવસના અવસરે સુરત શહેરમાં આરોગ્ય, બાળકલ્યાણ, મહિલા સશક્તીકરણ, વૃદ્ધસેવા અને જીવદયા ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત સેવા સેતુ કાર્યક્રમ, ગંગાસ્વરૂપા બહેનોને રાશન કીટનું વિતરણ, શહેરની વિવિધ હૉસ્પિટલમાં નિઃશુલ્ક OPD, નિઃશુલ્ક નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી, મોતિયાના ઓપરેશન અને બ્લડ ડોનેશન કેમ્પ સહિતના સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્વહસ્તે લાભાર્થીઓને રાશન કીટ, કપડાં, પોષણ સામગ્રી અને અન્ય સહાય વિતરણ કરી બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને દર્દીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. તેઓએ જન્મદિવસને વ્યક્તિગત ઉજવણી નહીં, પરંતુ સમાજના અંતિમ છેડે ઉભેલા વ્યક્તિ સુધી સેવા પહોંચાડવાનો અવસર ગણાવ્યો હતો.



## રાજ્યપાલશ્રીની વંદે ભારત ટ્રેનમાં મુસાફરી

વંદે ભારત એક્સપ્રેસ 'નવા ભારત'ની પ્રગતિ, આત્મનિર્ભરતા અને તકનિકી ક્ષમતાનું જીવંત પ્રતીક છે. તાજેતરમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરથી મુંબઈ સુધી ભારતની અદ્યતન ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ દ્વારા રેલમાર્ગે પ્રવાસ કર્યો. રાજ્યપાલશ્રીએ વિનમ્ર ભાવે કોચના તમામ મુસાફરોનું અભિવાદન ઝીલ્યુ હતું તેમજ તેઓની સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેઓએ ભારતીય રેલવે દ્વારા વિકસાવવામાં આવેલી આધુનિક સુવિધાઓ, સમયપાલન, સ્વચ્છતા અને મુસાફરોને મળતી આરામદાયક સેવાઓનો અનુભવ કર્યો હતો.



## મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે નવતર પહેલ



સરકાર મહિલા ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે, ત્યારે વલસાડમાં મહિલા વિકાસ માટે એક નવતર પહેલ કરવામાં આવી છે. તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના વરદ હસ્તે વલસાડ જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેનલ્સ ફોર વિમેન સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રક્ષા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પવિત્ર તીર્થ સ્થળમાં સુખદ આધ્યાત્મિક અનુભૂતિ થાય છે. નવા યુગ માટેની આધ્યાત્મિકતાનો પાયો આ આશ્રમે મૂક્યો છે. શ્રીમદ રાજચંદ્રજી દ્વારા લખાયેલું આત્મ સિદ્ધિ શાસ્ત્ર સમગ્ર વિશ્વને માર્ગદર્શિત કરે છે. આ તકે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, મહારાષ્ટ્ર સરકારના કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગ સાહસિકતા અને નવીનતા મંત્રી શ્રી મંગલ પ્રભાત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગરમાં હેલ્થ એક્સ્પો યોજાયો



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની આરોગ્ય વ્યવસ્થા મજબૂત થઈ રહી છે. ભાવનગર-બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ એસોસિયેશન દ્વારા ભાવનગર જવાહર મેદાન ખાતે દ્વિ-દિવસીય હેલ્થ એક્સ્પોનો પ્રારંભ ખાદ્ય અને જાહેર વિતરણ, ગ્રાહકોની બાબતો વિભાગનાં કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કરાવ્યો હતો.

આ એક્સપોમાં આશરે ૧૦૭ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા જેમાં નામી હોસ્પિટલો અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો, આધુનિક સર્જિકલ સાધનો અને બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ હતી. આ વેળાએ કેન્દ્રીય રમત-ગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ પોતાના વર્ચ્યુઅલી સંદેશમાં એક્સ્પોનું આયોજન કરવા બદલ તેમજ સ્વસ્થ ભારત, સશક્ત ભારતનાં નિર્માણમાં સહભાગી થવા બદલ આભાર માન્યો હતો.

# માર્ગ મજબૂતીકરણ માટે વિશેષ ફંડ મંજૂર

**ફાળવણી :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય માર્ગ પરિવહન-ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ રાજ્યના માર્ગો અને નૅશનલ હાઈવે અંતર્ગતના પ્રોજેક્ટ્સ માટે સમીક્ષા બેઠક યોજી હતી, જેની ફળશ્રુતિ રૂપે ગુજરાતને રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો માટે રૂ. ૧૦૭૮.૧૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. સી.આઇ.આર.એફની રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો માટે મંજૂર કરવામાં આવેલી રકમમાંથી કુલ ૫૬૪.૫૭ કિલોમીટર લંબાઈમાં વિવિધ ૪૧ કામો હાથ ધરાવાનાં છે. તદનુસાર, પાટણ, કચ્છ, બનાસકાંઠા, ખેડા, મહીસાગર, છોટાઉદેપુર, વલસાડ, અમરેલી, જામનગર અને વડોદરા જિલ્લાઓમાં સ્ટેટ હાઈવેના વાઇડનિંગનાં ૧૧ કામો કુલ ૨૨૯.૨૦ કિલોમિટરમાં હાથ ધરવા રૂ. ૬૩૬ કરોડ મંજૂર થયા છે.

**સમાવિષ્ટ જિલ્લાઓ :** રસ્તાઓના મજબૂતીકરણ અને રીસર્ફેસિંગનાં જે ૨૩ કામો ૩૩૫.૩૭ કિલોમીટર લંબાઈમાં રૂ. ૪૦૮.૩૩ કરોડના ખર્ચે હાથ ધરાવાનાં છે તેમાં અમદાવાદ, ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, તાપી, નવસારી, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, અમરેલી, સુરત અને જામનગર જિલ્લાઓનાં કામોનો સમાવેશ થશે. આ કામો ઉપરાંત સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી સ્ટ્રક્ચરનાં જે ૭ કામો માટે ૩૩.૮૦ કરોડ રૂપિયા મંજૂર થયા છે તેમાં તાપી, સુરત અને ડાંગ જિલ્લાઓનાં કામો આવરી લેવાશે.

**ફાયદો :** ગુજરાતમાં રાજ્ય હસ્તકના માર્ગોનાં કામો માટે ફાળવાયેલી આ માતબર રકમથી દેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કને મજબૂત બનાવીને કનેક્ટિવિટી તથા ઈઝ ઑફ ટ્રાન્સપોર્ટેશનને વેગ આપવાનો અભિગમ આવનારા દિવસોમાં સાકાર થશે. પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિક્સ પરિવહન સરળ અને ઝડપી બનશે.

## ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના

**રચના :** રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને SCADA જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામાં આવી હોવાથી, ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્યના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (EPD) દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોના ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

**કામગીરી :** આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમૅપ રજૂ કરશે. આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રકચર માટે IT અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમૅપ પણ રજૂ કરશે. તે માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે.



## TRB જવાનોનું દૈનિક માનદ વેતન રૂ.૪૫૦

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દિશાનિર્દેશ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યના ટ્રાફિક બ્રિગેડ (TRB)ના જવાનો માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા જવાનોના કાર્યક્ષેત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા તેમના માનદ વેતનમાં વધારો કરાતા ટ્રાફિક બ્રિગેડ જવાનોનુ દૈનિક માનદ વેતન રૂ.૩૦૦થી વધારીને હવે રૂ.૪૫૦ આપવા આવશે.

**લાભ :** ગૃહ વિભાગના વર્ષ ૨૦૧૮ ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ. ૩૦૦ ચૂકવવામાં આવતા હતા.રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ. ૪૫૦ કરવામાં આવ્યું છે જેનો લાભ રાજ્યના અંદાજે ૧૦,૦૦૦ થી વધુ ટી.આર.બી. જવાનો અને તેમના પરિવારને મળશે. રાજ્ય સરકારના આ સંવેદનાત્મક અભિગમ સાથે લેવાયેલા નિર્ણય ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે આર્થિક રીતે પ્રોત્સાહક બની રહેશે.

# રાજ્યમાં ૫ સેટેલાઇટ ટાઉન વિકસિત કરાશે

**નિર્ણય :** વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને ભારતના દરેક રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટિયર-૨ અને ટિયર-૩ શહેરોના વ્યૂહાત્મક વિકાસને વેગ આપવાનું વિઝન રજૂ કર્યું છે. આ વિઝનને અનુરૂપ શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'નો મંત્ર સાકાર કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકારે અમદાવાદ પાસે સાણંદ, વડોદરા પાસે સાવલી, ગાંધીનગર પાસે કલોલ, સુરત પાસે બારડોલી અને રાજકોટ પાસે હીરાસરને 'સેટેલાઇટ ટાઉન' તરીકે વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે.

**શું છે સેટેલાઇટ ટાઉન? :** સેટેલાઇટ ટાઉન એટલે મોટા શહેર અથવા મહાનગરની નજીક સ્થિત એવું શહેર જ્યાં મોટા શહેરથી એક કલાકમાં પહોંચી શકાય છે. આવાં શહેરોની ઓળખ કરીને તેમને આર્થિક રીતે ધમધમતાં કેન્દ્રો બનાવવાનો ઉદ્દેશ છે, જેથી મોટાં શહેરો પર ભારણ ઘટે અને આ શહેરોમાં રોજગારીની નવી તકો ખૂલે. આ શહેરોમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક કેન્દ્રિત સુવિધાઓ વિકસિત કરવામાં આવશે.

**લાભ :** સેટેલાઇટ ટાઉનમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુવ્યવસ્થિત જાહેર પરિવહન સુવિધા (ઈલેક્ટ્રિક બસ સુવિધા સાથે), પાણી પુરવઠો અને વેસ્ટ મૅનેજમેન્ટ, રિંગ રોડ, અર્બન ફોરેસ્ટ પાર્ક, તળાવ, મૉડેલ ફાયર સ્ટેશન નિર્માણ કરાશે. ઘરની નજીક જ તમામ સુવિધાઓ મળતા નાગરિકોનું જીવનધોરણ સરળ બનશે. મોટાં શહેરો પરથી ભારણ ઘટશે. આ પાંચ શહેરોમાં પરિવહન, ઉદ્યોગો, પ્રવાસન, શિક્ષણ અને આરોગ્ય મેટ્રો સિટી સમકક્ષ બનશે.

# ગુજરાતની ૧૮૫ નદીઓના કાંઠે 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરાશે

**નિર્ણય :** વાયુ પ્રદૂષણ અને ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા વચ્ચે પર્યાવરણ જતનના હેતુથી વૃક્ષ ઉછેર અને સંવર્ધન ખૂબ જરૂરી છે. ગ્રીન કવરમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની કુલ ૧૮૫ નદીઓના બંને કાંઠાની જમીન પર વન વિભાગ દ્વારા 'વૃક્ષ ઉછેર ઝુંબેશ' હાથ ધરવામાં આવશે.

**વન વિભાગની ઝુંબેશ :** વન વિભાગ દ્વારા વૃક્ષ ઉછેર ઉપયોગ માટે અગાઉથી જમીનનું સીમાંકન અને GIS મેપિંગ કરીને કાર્યક્ષેત્ર ચોક્કસ કરીને જરૂરિયાતવાળી જમીનની ઓળખ કરવામાં આવશે. જમીનની સ્થિતિ ખાસ કરીને સરકારી જમીન અને વણવપરાયેલી સરકારી જમીનના રેકૉર્ડ્સની ચકાસણી કરી વિકાસલક્ષી પ્રાથમિકતાઓ જળવાઈ રહે તે માટે આ જમીનનો ઉપયોગ માત્ર ગ્રીન કવર-વૃક્ષ ઉછેર માટે જ કરવાનો રહેશે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, Riverine Forest Landscape Management થકી નદીઓના બન્ને કાંઠા પર 'વૃક્ષ ઉછેર ઝુંબેશ'માં નર્મદા, તાપી, પૂર્ણા સહિત તળ ગુજરાત વિસ્તારમાં ૧૭ નદીઓ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૭૧ તેમજ કચ્છ વિસ્તારમાં આવેલી સૌથી વધુ ૯૭ નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**લાભ :** આ ઝુંબેશ થકી નદીઓના બન્ને કાંઠાનું જમીન ધોવાણ પણ અટકશે અને સાથે સાથે ભૂગર્ભ જળ સ્તર પણ ઊંચા આવશે. ગ્રીન કવર વધવાથી રાજ્યનો વન વિસ્તાર વધશે જેથી વરસાદમાં વધારો થશે, જળવાયુ પરિવર્તન અટકાવી શકાશે. સાથે સાથે રાજ્યમાં ઑક્સિજનમાં પ્રમાણ વધશે અને કાર્બન ફ્રિન્ટમાં ઘટાડો થશે.

# સિરામિક એકમો માટે નેચરલ ગેસના ભાવમાં ઘટાડો

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના સિરામિક ઉદ્યોગોના હિતમાં અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા મોરબી તથા સુરેન્દ્રનગર -થાનગઢના Minimum Guarantee Offtake (MGO) કરાર હેઠળનાં સિરામિક એકમોને આપવામાં આવતા નેચરલ ગેસના ભાવોમાં રૂ. ૪.૫૦ પ્રતિ ક્યુબિક મીટરનો ઘટાડો કરવામાં આવ્યો છે.

**લાભ :** સિરામિક ચીજવસ્તુઓના ઉત્પાદનની પડતર નીચી આવવા સાથે આ ક્ષેત્રનો ઝડપી વિકાસ થશે. તેની સાથે સિરામિક ચીજવસ્તુઓની નિકાસ વધશે.

# ૩૪ જિલ્લા પંચાયતને રૂ.૧ કરોડની ગ્રાન્ટ

**નિર્ણય :** રાજ્યના જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ માટે ૩૪ જિલ્લા પંચાયતોના પ્રમુખને રૂ. ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જે-તે જિલ્લાના સ્થાનિક અગત્ય ધરાવતાં વિકાસ કામો માટે ફાળવવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપ્યા છે. **લાભ :** રાજ્યના વિવિધ જિલ્લામાં ગ્રામીણ વિકાસ કામોને વેગ મળશે અને સ્થાનિક અગત્ય ધરાવતાં કામોને પ્રાથમિકતા આપી શકાશે.

સંપાદન મહેશગીરી ગોસ્વામી : રાજગઢ

## ગુજરાતમાં ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકની રચના થશે

**નિર્ણય :** ભારત સરકારના દિશાનિર્દેશ હેઠળ કૅબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે નવી ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

**વિશેષ પહેલ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બૅંકોનો વ્યાપ વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જેને પરિપૂર્ણ કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ ભારતના સહકારિતા મંત્રાલય દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો.

**લાભ :** આ નિર્ણયથી છેવાડાના ખેડૂતોને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે. રાજ્યની વર્તમાન સહકારી બૅંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના થશે. જેમાં દાહોદ, અરવલ્લી, તાપી, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, આણંદ તેમજ ડાંગ અને નવસારીમાં નવી બૅંકોની રચના થશે. બૅંકોની રચના માટે રાજ્ય સરકાર હવે નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બૅંક (RBI)ને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે.

## મંત્રીશ્રીઓને સમાવતી ૧૩ સ્થાયી પરામર્શ સમિતિઓની રચના

**નિર્ણય :** રાજયમાં મંત્રીશ્રીઓને પોતાના વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલ સંબંધિત બાબતોમાં વિચાર-વિનિમય કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત કૅબિનેટ કક્ષાના મંત્રીશ્રીઓ તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અધ્યક્ષપણા હેઠળ ધારાસભ્યશ્રીઓની ૧૩ સ્થાયી પરામર્શ સમિતિઓની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ સમિતિઓમાં રાજયના સંસદસભ્યશ્રીઓને આમંત્રિત સભ્ય તરીકે સમાવવામાં આવ્યા છે.

**કાર્યક્ષેત્ર :** આ પરામર્શ સમિતિઓના કાર્યક્ષેત્રમાં દરેક પરામર્શ સમિતિ હાલ તુરત વર્તમાન મંત્રીમંડળની મુદત સુધી કાર્ય કરશે. દર ત્રણ મહિને એક વાર અથવા મંત્રીશ્રી નક્કી કરે તેમ વારંવાર મળતી સમિતિની બેઠકોમાં મંત્રીશ્રી પ્રમુખ તરીકેનું સ્થાન સંભાળશે અને સંબંધિત રાજયકક્ષાના મંત્રીશ્રી પણ બેઠકમાં હાજરી આપશે.

**લાભ :** મંત્રીશ્રી જે વહીવટી ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય તેમાંની નીતિના અમલ, વ્યાપક મહત્ત્વની બાબતોના પ્રશ્નો તેમજ નાગરિકોને લગતા પ્રશ્નો અંગે સમિતિ તેમની સાથે પરામર્શ કરશે. મંત્રીશ્રી પોતે સમિતિ સમક્ષ રજૂ કરે તેવી અથવા કોઈ સભ્યશ્રી સમિતિ સમક્ષ રજૂ કરવા મંત્રીશ્રીને વિનંતી કર્યાથી મંત્રીશ્રી રજૂ કરે તેવી બાબતો અંગે સમિતિ વિચારણા કરશે. આ નિર્ણયના પરિણામે જનલક્ષી નીતિઓનું ઝડપી અમલીકરણ થવાથી વહીવટી સરળતા રહેશે.

## ઇન્ડિયન એ.આઇ. રિસર્ચ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના

**નિર્ણય :** ૨૦૨૬ના વર્ષના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં રાષ્ટ્રીય સ્તરે AI ઈકોસિસ્ટિમને ગતિ આપવાની પહેલ ગુજરાતે કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્ય સરકાર, ભારત સરકાર તથા ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ-IPAની ત્રિપક્ષીય ભાગીદારીથી ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (IAIRO)ની સ્થાપના કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. IAIROને AI માટે મલ્ટિ ડિસિપ્લિનરી હબ બનાવવાની નેમ રાખવામાં આવી છે.

**દેશનું પ્રથમ રાજ્ય :** ગુજરાતે પી.પી.પી. મૉડલ પર ઈન્ડિયન એઆઇ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના કરનારા દેશના પ્રથમ રાજ્યનું ગૌરવ મેળવ્યું છે. ગિફ્ટ સિટીમાં IAIRO સ્પેશિયલ પર્પઝ વિહિકલ તરીકે કાર્યરત કરવામાં આવ્યું છે. આ ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનની રચના કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૮ અન્વયે નોન પ્રોફિટ મેકિંગ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે પ્રથમ પાંચ વર્ષ માટે અંદાજે ૩૦૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે તેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર તથા ખાનગી ભાગીદાર ત્રણેયનું ૩૩.૩૩ ટકા યોગદાન રહેશે.

**ખાનગી ભાગીદાર :** ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ IAIRO માટે એન્કર ખાનગી ભાગીદાર તરીકે જોડાયું છે અને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ૨૫ કરોડનું યોગદાન આપવાનું છે આ IPAમાં સિપ્લા, ટૉરેન્ટ ફાર્મા, સન ફાર્મા જેવી કંપનીઓ સહિત ૨૩ જેટલી અગ્રણી ફાર્મા કંપનીઓનો સમાવેશ થાય છે.

**લાભ :** IAIROને AI માટે મલ્ટિ ડિસિપ્લિનરી હબ બનશે. ગુજરાતની આ પહેલ AI માટે કુશળ અને ભવિષ્યનું માનવ સંસાધન બળ તૈયાર કરવા સાથોસાથ AI સેક્ટરમાં ભારતને ગ્લોબલ કોમ્પિટિટિવ લીડર તરીકે પ્રસ્થાપિત કરશે.

# પ્રાકૃતિક ખેતી - લાભ, સ્વાસ્થ્ય અને ટકાઉ વિકાસનું ઉત્તમ મૉડેલ









**મહેન્દ્ર વેકરિયા**

'મારો દીકરો મને વારંવાર કહેતો કે બાપુજી, રાસાયણિક ખાતર વગર કશું ન પાકે. આ બધું શું લઈને બેઠા છો'? પણ મનમાં એક વિશ્વાસ હતો કે, મારે પ્રાકૃતિક ખેતી કરવી છે અને સફળ થવું જ છે. આખરે સુરતના પ્રગતિશીલ ખેડૂત વનમાળીભાઈનો પ્રાકૃતિક ખેતી માટેનો વિશ્વાસ સફળ રહ્યો. વનમાળીભાઈએ એક એકરથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી આજે ૧૦ વીઘામાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીના ચમત્કારના કારણે શાકભાજી સહિતના મિશ્ર પાકોમાં આ વર્ષે તેઓએ રૂ.૬.૩૮ લાખની આવક મેળવી છે.

સુરત જિલ્લાના અંબિકા (મહુવા) તાલુકાના વેલણપુર ગામના ભાઠેલ ફળિયામાં રહેતા ૬૮ વર્ષના નિવૃત્ત ખેતીવાડી વિસ્તરણ અધિકારી વનમાળીભાઈ રાવજીભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી અપનાવી છે.

તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૨૦માં મિત્ર ભરતભાઈની સલાહથી પ્રારંભિક તબક્કે પ્રાકૃતિક ખેતીના આયામો અનુસાર એક એકરમાં શેરડીનું વાવેતર કર્યું, જેમાં એક એકરમાં શેરડીનો ૭૮ ટન જેટલો માતબર ઉતારો આવ્યો હતો. શરૂઆતમાં મિત્ર ભરતભાઈને ત્યાંથી જીવામૃત, ઘનજીવામૃત લાવીને છંટકાવ કરતા હતા. પહેલા દેશી ગીર ગાયની બે વાછરડી લાવીને ઉછેર શરૂ કર્યો. હાલમાં બે દેશી ગાયોનાં છાણ અને ગૌમૂત્રમાંથી જ જીવામૃત તથા અન્ય દવાઓ બનાવીને પ્રાકૃતિક ખેતી કરું છું. ૩૦ ગુંઠામાં મંડપ આધારિત પરવળ, હળદર, મરચી, તૂરિયાં, કોબી, ટામેટાં, દૂધી જેવા મિશ્ર પાકો આધારિત ખેતી કરું છું. મરચીમાં ગાયના છાણની રાખનો છંટકાવ કરીએ છીએ, જેના કારણે ખૂબ સારું પરિણામ મળ્યું છે.

આવક વિશે તેઓ જણાવે છે કે, ૧૫ ગુંઠામાં વાવેલાં તૂરિયામાં રૂ.૭૦,૦૦૦ અને દૂધીમાં રૂ.૧૬૯૦૦ જયારે બીજા ૧૫ ગુંઠામાં રીંગણમાં રૂ.૫૧,૧૩૦, પરવળમાં રૂ.૯૨,૮૦૦ તથા લીલી હળદરમાં રૂ. ૮૦૦૦ ની આવક તેમજ છ વીઘામાં ૧૨૨ ટન શેરડીનું ઉત્પાદન મેળવ્યું હતું. જેમાં એક ટનદીઠ ૩૨૭૧ ભાવ મળતા ચારેક લાખની આવક થઈ છે. શાકભાજી પાકોમાં આવતા રોગોના નિયંત્રણ માટે વાસી છાશ અને ગૌકૃપા અમૃતનો છંટકાવ કરુ છું, જરૂર જણાય તો નિમાસ્ત્ર, અગ્નિ અસ્ત્ર તેમજ બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરું છું. આસપાસનાં ગામડાઓના લોકો શાકભાજી તેમના ઘરેથી અને ખેતરેથી લઈ જાય છે. નજીક ભરાતા હાટબજારમાં તેમજ શહેરમાં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા પ્રાકૃતિક વેચાણ કેન્દ્રમાં માલનું વેચાણ થાય છે આથી શાકભાજી વેચાણની ચિંતા તેઓને રહેતી નથી.

તેમની વાડીમાં દૈનિક પાંચ થી છ શ્રમિકો કામ કરીને રોજગારી મેળવી રહ્યા છે. અન્ય માટે પ્રેરણારૂપ અને રાસાયણિક ખેતીને અલવિદા કહેનાર વનમાળીભાઈ ખેડૂતોને ખેતીને લાભકારી, ટકાઉ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ તરફ વળવું જ પડશે તેઓ તેવી હિમાયત કરે છે.

## શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

1. ધ્રુવનો તારો કઈ દિશામાં હોય છે ?
2. પૃથ્વી પરથી આકાશમાં નરી આંખે દેખાતા સૌથી વધુ તેજસ્વી તારો ...... છે.
3. ખગોળશાસ્ત્રમાં ખગોળીય પદાર્થો વચ્ચેનું અંતર માપવા માટેનો એકમ
4. ........ એ નિરપેક્ષ તાપમાનનો એકમ છે.
5. સાત તારાઓના ગુચ્છમંડળને કયુ નક્ષત્ર કહેવાય છે ?
6. મૃગ મંડળનો ...... તારો સૂર્ય કરતાં ૫૫,૦૦૦ ગણો તેજસ્વી છે.
7. પ્રત્યેક રાશિમાં ...... નક્ષત્રો આવે છે.
8. ચંદ્ર સાથે સીધો સંબધ ધરાવતું નક્ષત્ર કયું છે ?
9. સૂર્ય એક ....... માં ૧૩.૫ દિવસ રહે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ર | બુ | ક્રી | બા | કે | બે | મા | કા | સં |
| ટ | ધ | દ્દિ | શુ | લ્વિ | ધ | જી | ગો | રા |
| વ્યા | ઉ | બે | ક્રે | ન | પા | રિ | જા | શિ |
| ણ | વા | ત્ત | ટ | જ | ક્ષ | ફો | પા | દ્દિ |
| સ | ક્ષ | ઈ | ર | શુ | વ્યા | ત્ર | સૂ | ન |
| ફે | ટા | ણ | કૃ | ક્ર | જા | ન | જો | રો |
| દ | બા | હા | તિ | જા | લ્વિ | રો | ભૂ | ઔ |
| વ | ત્ર | પ્ર | કા | શ | વ | ર્ષ | યો | ઝૂ |
| ર્ષ | ન | રો | હિ | ણી | રિ | કો | વો | લી |

10. કયો આંતરિક ગ્રહ પોતાની ધરી પર પૂર્વથી પશ્ચિમ દિશામાં ફરે છે?
11. કયો ગ્રહ સૂર્યમંડળમાં સૌથી ઝડપી પરિક્રમણ કરે છે?
12. ચંદ્ર કરતાં વધારે વ્યાસ ધરાવતો શનિનો મોટો ઉપગ્રહ.....
13. ચંદ્રની સપાટી પર આવેલા ખાડાવાળા ગોળાકાર પર્વતો.

1. ઉત્તર, 2. વ્યાધ, 3. પ્રકાશવર્ષ, 4. કેલ્વિન, 5. કૃતિકા, 6. બાણરજ, 7. સવા બે, 8. રોહિણી, 9. નક્ષત્ર, 10. શુક્ર, 11. બુધ, 12. ટાઇટન, 13. ક્રેટર

# આયુર્વેદ કહે છે : દોષ સંતુલન જ આરોગ્ય

**ડૉ. શીતલ ભાગીયા**

વાચક મિત્રો, હેલ્થ ટિપ્સ અંતર્ગત અગાઉ આપણે 'વાત દોષ' વિશે જાણ્યું. હવે આપણે પિત્ત અને કફ દોષ વિશે જાણીએ.

**૧. પિત્ત દોષ :** પિત્ત દોષ શરીરની તમામ ગરમી અને પરિવર્તન પ્રક્રિયાઓ, પાચનશક્તિ, શરીરનું તાપમાન, ભૂખ અને તરસ, તીક્ષ્ણ બુદ્ધિ અને સમજ, તેજસ્વી ત્વચા માટે જવાબદાર છે.

પિત્ત પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિઓ મધ્યમ કાયાની, તેજસ્વી ચહેરાવાળી, બુદ્ધિશાળી અને નેતૃત્વક્ષમતાવાળી, સ્પષ્ટ બોલનાર અને શૌર્યયુક્ત હોય છે. તેમને વધારે ભૂખ અને તરસ લાગે છે અને ગરમી સહન થતી નથી તેમજ ઍસિડિટી, બળતરા, ચામડી પર દાદ-ખંજવાળ, ગુસ્સો આવવો, ચીડિયાપણું જેવી તકલીફો થાય છે.

**પિત્ત દોષ સંતુલન માટેના ઉપચાર :** ઠંડા, ગળ્યા, કડવા અને તૂરા રસવાળો આહાર લેવો અને મનને શાંત રાખવું સૌથી જરૂરી છે, અતિ ગરમ-મસાલેદાર ખોરાક, ફાસ્ટ ફૂડ, જંક ફૂડથી બચવું. ધાણા અને જીરાનું પાણી/ મુખવાસ, ખડી સાકર/ગુલકંદ/ગાયના દૂધની અંદર ગાયનું ઘી, દાળ અને શાકમાં કોકમનો ઉપયોગ, કારેલાં, દૂધી, કાકડી જેવા શાકભાજી ફાયદાકારક છે. સૂકી કાળી દ્રાક્ષ અને અંજીરને રાત્રે પાણીમાં પલાળી સવારે ખાલી પેટે ચાવીને ખાવું, તેમજ બહુ વધારે મહેનત, ગુસ્સો કે સૂર્યનો તડકો ટાળવો.

> **વાત, પિત્ત અને કફને સમજવાથી આપણે માત્ર રોગોનું કારણ જ નહીં, પરંતુ સ્વસ્થતા જાળવવાનો માર્ગ પણ જાણી શકીએ છીએ.**

**૨.કફ દોષ :** કફ દોષ શરીરના તમામ બંધારણ, સ્થિરતા અને ભેજ માટે જવાબદાર છે. કફ દેહને સ્થિરતા, બળ, સ્નિગ્ધતા અને રક્ષણ આપે છે. સાંધામાં સ્નેહ, રોગપ્રતિકારક શક્તિ અને માનસિક શાંતિ કફનાં કાર્યો છે. કફ પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિઓ મજબૂત કાયાની, ધીરજવાળી, શાંત સ્વભાવની, ધીમી ગતિયુક્ત, લાંબી અને ઊંડી ઊંઘવાળી અને સ્નેહાળ હોય છે. તેમને ભૂખ ઓછી લાગે છે. કફ વધે ત્યારે શરીરમાં વજન વધવું, આળસ, શરીર જકડાવું, શરદી-ખાંસી, કફજ રોગો, વધારે ઊંઘ આવવી અને ઉદાસીનતા થાય છે.

**કફ દોષ સંતુલન માટેના ઉપચાર :** કફ સંતુલન માટે ગરમ પાણીમાં/દૂધમાં આદુનો રસ/મરી/હળદર નાખીને પીવું, આદુનો રસ અને મધનું ચાટણ કરવું, લીંબુ અને મધનું ચાટણ કફ દોષને ઘટાડે છે. અઠવાડિયામાં એક વાર ફળ કે સૂપ પર રહેવું અથવા હળવો ઉપવાસ કરવો. સૂંઠ, મરી અને પીપરને સમાન ભાગે મિક્સ કરીને તૈયાર કરેલું ચૂર્ણ (ત્રિકટુ) મધ સાથે સવારે લેવાથી પાચનની મંદતા દૂર થાય છે. પચવામાં ભારે અને ગળ્યો ખોરાક, ખાંડ, મીઠાઈ, દહીં, પનીર, ઠંડી વસ્તુ વગેરેનો ઉપયોગ ન કરવો, દિવસની ઊંઘ ન કરવી.

# પ્લાસ્ટિક ખાતા બૅક્ટેરિયા
# પર્યાવરણના પ્રદૂષણ સામે કુદરતી અને વૈજ્ઞાનિક હથિયાર

જીગર ખૂંટ

આજે આપણે એક એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં સવારના બ્રશથી લઈને રાતના દૂધની કોથળી સુધી, બધે જ પ્લાસ્ટિકનું સામ્રાજ્ય છે. પ્લાસ્ટિક સસ્તું, ટકાઉ અને સુવિધાજનક છે, પણ તેની સૌથી મોટી ખામી એ છે કે તે ક્યારેય નાશ પામતું નથી. એક પ્લાસ્ટિકની બોટલને કુદરતી રીતે ઓગળતા ૪૫૦ થી ૫૦૦ વર્ષ લાગે છે. જેનાથી આપણા મહાસાગરો અને જમીન પ્લાસ્ટિકના ગંજથી ભરાઈ ગયા છે. પરંતુ શું પ્રકૃતિ પાસે આ માનવસર્જિત સમસ્યાનો કોઈ ઉકેલ છે? વિજ્ઞાનીઓએ તાજેતરમાં એક એવી શોધ કરી છે જે આખી દુનિયાને આશાનું કિરણ બતાવી રહી છે અને એ છે પ્લાસ્ટિક ખાતા બૅક્ટેરિયા. ચાલો 'ઝૂમ ઈન' કરીએ આ પ્લાસ્ટિક ખાતા બૅક્ટેરિયાની દુનિયામાં...

### શોધની શરૂઆત

વર્ષ ૨૦૧૬માં જાપાનના સંશોધકોએ એક રિસાઈકલિંગ પ્લાન્ટની બહાર જમીન અને પાણીના નમૂના તપાસ્યા. ત્યાં તેમને એક અનોખો સૂક્ષ્મજીવ મળ્યો, જેનું નામ રાખવામાં આવ્યું 'આઈડિયોનેલા સાકાઈન્સીસ' (Ideonella sakaiensis). આ બૅક્ટેરિયામાં એક વિશિષ્ટ શક્તિ હતી - તે પ્લાસ્ટિક (ખાસ કરીને PET પ્લાસ્ટિક, જેમાંથી પાણીની બોટલ બને છે તે)ને પોતાના ખોરાક તરીકે વાપરી રહ્યો હતો! કુદરતે ઉત્ક્રાંતિ દરમિયાન આ બૅક્ટેરિયાને એવા તૈયાર કર્યા કે તેઓ પ્લાસ્ટિકમાં રહેલા કાર્બનને ઊર્જા તરીકે વાપરતા શીખી ગયા. આ શોધે વિજ્ઞાન જગતમાં ખળભળાટ મચાવી દીધો.

### આ પ્રક્રિયા કેવી રીતે કામ કરે છે?

એન્ઝાઈમનો સ્ત્રાવ : બૅક્ટેરિયા પ્લાસ્ટિકની સપાટી પર ચોંટી જાય છે અને 'PETase' નામનો એક ખાસ એન્ઝાઈમ (ઉત્સેચક) છોડે છે. આ એન્ઝાઈમ પ્લાસ્ટિકના જટિલ અણુઓને તોડીને તેને સાદા રાસાયણિક ઘટકોમાં ફેરવી નાખે છે. આ ઘટકોને બૅક્ટેરિયા ગળી જાય છે અને તેને ઊર્જામાં રૂપાંતરિત કરે છે. આ પ્રક્રિયાના અંતે પ્લાસ્ટિક જે હજારો વર્ષો સુધી અકબંધ રહેતું હતું, તે માત્ર થોડા અઠવાડિયામાં વિઘટિત થઈ શકે છે.

### વૈજ્ઞાનિક પ્રયોગો અને 'સુપર એન્ઝાઇમ'

જાપાનની આ શોધ પછી, વિશ્વભરના વિજ્ઞાનીઓએ આ બૅક્ટેરિયા પર પ્રયોગો શરૂ કર્યા. બ્રિટનની યુનિવર્સિટીના સંશોધકોએ આ એન્ઝાઈમની સંરચનામાં ફેરફાર કરીને તેને વધુ શક્તિશાળી બનાવ્યો છે, જેને હવે 'સુપર એન્ઝાઈમ' કહેવામાં આવે છે. આ સુપર એન્ઝાઈમ કુદરતી બૅક્ટેરિયા કરતા ૬ ગણી ઝડપથી પ્લાસ્ટિકને ઓગાળી શકે છે.

### પર્યાવરણમાં આનાથી શું બદલાશે?

**મહાસાગરોની સફાઈ :** દર વર્ષે લાખો ટન પ્લાસ્ટિક દરિયામાં જાય છે, જેનાથી દરિયાઈ જીવો મૃત્યુ પામે છે. આ બૅક્ટેરિયા કે એન્ઝાઈમનો ઉપયોગ કરીને વિશાળ જળરાશિને સાફ કરવાનું સપનું હવે સાકાર થઈ શકશે.

**સંપૂર્ણ રિસાઈકલિંગ :** અત્યારે પ્લાસ્ટિકને રિસાઈકલ કરવું ખર્ચાળ છે અને તેની ગુણવત્તા ઘટી જાય છે. બૅક્ટેરિયા દ્વારા પ્લાસ્ટિકને તેના મૂળ ઘટકોમાં ફેરવવાથી તે ફરીથી નવું ને નવું પ્લાસ્ટિક બનાવવા માટે વાપરી શકાશે. જે 'સર્ક્યુલર ઈકોનોમી' ને પ્રબળ બનાવશે.

**લેન્ડફિલ સાઈટ્સનો ઉકેલ:** શહેરોની બહાર જે પ્લાસ્ટિકના પહાડો ઊભા થયા છે, ત્યાં આ બૅક્ટેરિયાનો છંટકાવ કરીને કચરાનું પ્રમાણ ઝડપથી ઘટાડી શકાય છે.

### પડકારો અને સાવચેતી

કોઈપણ નવી ટૅક્નોલૉજીની જેમ, અહીં પણ કેટલાક પડકારો છે. શું આ બૅક્ટેરિયા જંગલી અવસ્થામાં ફેલાઈને આપણી જરૂરી પ્લાસ્ટિકની વસ્તુઓ (જેમ કે હૉસ્પિટલના સાધનો કે વાહનોના ભાગો)ને પણ નુકસાન પહોંચાડશે? વિજ્ઞાનીઓ અત્યારે આ બૅક્ટેરિયાને નિયંત્રિત વાતાવરણમાં (લેબોરેટરી કે ફેક્ટરીમાં) વાપરવા પર ધ્યાન આપી રહ્યા છે જેથી કોઈ આડઅસર ન થાય.

પ્લાસ્ટિક ખાતા બૅક્ટેરિયા એ સાબિત કરે છે કે માનવીએ કરેલી ભૂલોને સુધારવામાં કુદરત આપણને સાથ આપી શકે છે, જો આપણે વિજ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરીએ. જોકે, આનો અર્થ એ નથી કે આપણે પ્લાસ્ટિકનો આડેધડ વપરાશ શરૂ રાખીએ. આ ટૅક્નોલૉજી આપણને ભૂતકાળનો કચરો સાફ કરવામાં મદદ કરશે, પણ ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે તો આપણે પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવો જ પડશે.

# વૃક્ષો માટે ધબકતું હૃદય : વિજેશભાઈ ગામીતની હરિયાળી યાત્રા

**રોશન સાવંત**

પ્રકૃતિનું રક્ષણ એ આપણું કર્તવ્ય છે. પ્રકૃતિ બચાવવા માટે મોટા મંચની નહીં, સાચી નિષ્ઠાની જરૂર હોય છે. જ્યારે ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણીય અસંતુલન સમગ્ર વિશ્વ માટે પડકાર બની રહ્યું છે, ત્યારે તાપી જિલ્લાના કાવલા ગામના વિજેશભાઈ ગામીતે પ્રકૃતિની રક્ષા માટે એક અનોખી અને અસરકારક પહેલ કરી છે. રોજિંદી નોકરીની જવાબદારીઓ વચ્ચે પણ ધરતીમાતાની હરિયાળી માટે ધબકતું તેમનું હૃદય આજે વેરાન વગડામાં જીવનનું બીજ વાવી રહ્યું છે. સીડ બોલ દ્વારા જંગલોને નવજીવન આપતી તેમની આ પ્રેરણાદાયી સફર દરેકને પર્યાવરણ માટે કંઈક કરવાની પ્રેરણા આપે છે.

આજે અનેક દુર્લભ વનસ્પતિઓ વિલુપ્તિના આરે છે. આવા સમયે વીજ ખાતામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા વિજેશભાઈએ પ્રકૃતિની સેવા કરવાનો અનોખો અને અસરકારક રાહ અપનાવ્યો છે. તેમણે પોતાની ફરજની સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી સમજીને ગુજરાતને વધુ હરિયાળું બનાવવાનું એક મિશન શરૂ કર્યું છે. તેઓએ તૈયાર કરેલા સીડ બૉલ કાળા-ભૂરા રંગના માટીના ગોળા એ માત્ર માટી નથી, પણ જંગલના 'ગુલાબજાંબુ' એટલે કે સીડ બૉલ છે. ગાયનું છાણ, સેન્દ્રિય ખાતર અને માટીના મિશ્રણમાંથી બનેલા આ ગોળામાં કુદરતનો અણમોલ ખજાનો એટલે કે દુર્લભ વનસ્પતિઓનાં બીજ છુપાયેલાં હોય છે. જ્યાં માણસોનું પહોંચવું મુશ્કેલ છે, જ્યાં ડુંગરો વેરાન છે, ત્યાં વિજેશભાઈના સીડ બૉલ જાદુ કરી રહ્યા છે.

વિજેશભાઈ ગામીત જણાવે છે કે, અત્યાર સુધીમાં મેં લગભગ ૯૦,૦૦૦ સીડ બોલ તૈયાર કરીને વેરાન વગડાથી લઈને ડાંગના ઉત્તર-દક્ષિણ રેન્જ અને તાપીના સોનગઢ, સાદડવેલ, પદમડુંગરી અને ઉકાઈ જેવા ગીચ વન વિસ્તારોમાં નાખ્યા છે. ભેજ અથવા વરસાદ મળતાં જ આ સીડ બૉલ આપમેળે અંકુરિત થાય છે.

વિજેશભાઈના આ નિઃસ્વાર્થ કાર્યની નોંધ રાજ્ય સરકાર દ્વારા પણ લેવામાં આવી છે અને તેમને અનેક ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. વિજેશભાઈ આગામી પાંચ વર્ષમાં પાંચ લાખ સીડ બોલ તૈયાર કરીને ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચાડવા માંગે છે. જ્યારે આખી દુનિયા ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરી રહી છે, ત્યારે વિજેશભાઈ જેવી વ્યક્તિઓ શાંતિથી અને નિષ્ઠાપૂર્વક પૃથ્વીને બચાવવાનું કાર્ય કરી રહ્યાં છે. તેમના સીડ બૉલ આવનારી પેઢી માટે શુદ્ધ હવા અને હરિયાળીના આશીર્વાદ બનીને ઊગી રહ્યા છે. વિજેશભાઈના પર્યાવરણ બચાવવા માટેના વિઝનને સલામ.







# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. સોમનાથ પર થયેલા પ્રથમ હુમલાને કેટલા વર્ષ પૂર્ણ થતાં અતૂટ આસ્થાને ઉજવવા માટે સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન થયું?
(A) ૧૦૦ (B) ૫૦૦ (C) ૧૦૦૦ (D) ૧૧૦૦

૨. 'સોમનાથઃ ધ શ્રાઇન એટર્નલ' પુસ્તકના લેખક કોણ છે?
(A) શ્રી ઉમાશંકર જોષી (B) શ્રી અટલ બિહારી વાજપેયી
(C) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (D) શ્રી કે.એમ.મુનશી

૩. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ગુજરાતભરમાંથી સોમનાથ પધારેલા ૨૫૦૦ ઋષિ કુમારોએ ...... કલાક સુધી અખંડ ઓમકારનો નાદ કર્યો.
(A) ૫૧ (B) ૭૨ (C) ૪૮ (D) ૭૫

૪. ૧૧ મે ૧૯૫૧ના રોજ સોમનાથ જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા નીચેનામાંથી કોના હસ્તે થઇ હતી?
(A) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (B) પંડિત જવાહરલાલ નહેરુ
(C) શ્રી કનૈયાલાલ મુનશી (D) શ્રી વલ્લભભાઇ પટેલ

૫. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાયેલ શૌર્યયાત્રામાં વિવિધ રાજ્યોના લોકનૃત્યો પૈકી ......... રાજ્યનું ગુડુમ બાજા નૃત્ય પણ ભજવાયું હતું.
(A) આસામ (B) મણીપુર (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ

૬. વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ ખાતે વડાપ્રધાનશ્રીએ ભારત દ્વારા ....... દેશને ભેટમાં આપેલી ૨૦૦ ગીર ગાયોએ ત્યાંની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં આપેલા યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો.
(A) કેન્યા (B) રવાંડા (C) તન્ઝાનિયા (D) યુગાન્ડા

૭. વડાપ્રધાનશ્રીના હસ્તે ઇ-લોકાર્પણ કરવામાં આવેલો ૩૩૬ એકરમાં ફેલાયેલો મેડિકલ ડિવાઇસ પાર્ક કયા જિલ્લામાં આવ્યો છે?
(A) કચ્છ (B) જામનગર (C) રાજકોટ (D) ભાવનગર

૮. નીચેનામાંથી કયા પક્ષી અભયારણ્યએ વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૨,૪૦૦ થી વધુ પ્રવાસીઓને આકર્ષીને ઇકો-ટૂરિઝમ ક્ષેત્રમાં વિશેષ ઓળખ ઉભી કરી છે?
(A) ખીજડિયા (B) થોળ
(C) નળસરોવર (D) નારાયણ સરોવર

૯. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કયા જિલ્લામાં આવેલા વસરાઇથી રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો?
(A) સુરત (B) નવસારી (C) મહીસાગર (D) નર્મદા

૧૦. અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ - ૨૦૨૫ની થીમ શું છે?
(A) લવેબલ અને લિવેબલ ગુજરાત (B) ભારત એક ગાથા
(C) ગૌરવશાળી ગુજરાત (D) ૨૦ વર્ષ શહેરી વિકાસના

૧૧. વિશ્વપ્રસિદ્ધ અને કલાત્મક વણાટકામનો નમૂનો એવા સોમાસરના પટોળા નીચેનામાંથી કયા જિલ્લામાં તૈયાર કરવામાં આવે છે?
(A) સુરેન્દ્રનગર (B) જામનગર
(C) કચ્છ (D) ભાવનગર

૧૨. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જર્મનીના ચાન્સેલર ......... સાથે અમદાવાદના ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી.
(A) હેલ્મુટ કોહલ (B) ફ્રેડરિક મૅર્ઝ
(C) કોનરાડ એડેનૌર (D) ગેર્હાર્ડ શ્રોડર

૧૩. GI ટેગની વ્યવસ્થાને WTO દ્વારા ઔપચારિક રીતે માન્યતા કયા વર્ષમાં આપવામાં આવેલી?
(A) ૧૯૮૯ (B) ૧૯૯૦ (C) ૧૯૯૪ (D) ૧૯૯૫

૧૪. રાજ્યના ...... ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.
(A) મોબાઇલ (B) નેટવર્ક (C) બેંક (D) ઊર્જા

૧૫. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા TRB જવાનોનું દૈનિક માનદ વેતન રૂ. ૩૦૦ થી વધારીને કેટલું કરવામાં આવ્યું છે?
(A) રૂ. ૩૫૦ (B) રૂ. ૪૫૦ (C) રૂ. ૪૦૦ (D) રૂ. ૩૮૦

૧૬. રાજ્ય સરકારે ૫ સેટેલાઇટ ટાઉન બનાવવાની જાહેર કરી તેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(A) વાપી (B) સાવલી (C) સાણંદ (D) હીરાસર

૧૭. રાજ્ય સરકારે સિરામિક એકમોને આપવામાં આવતા નેચરલ ગેસના ભાવોમાં પ્રતિ ક્યુબિક મીટર કેટલા રૂપિયાનો ભાવ ઘટાડો કરવાનો નિર્ણય કર્યો?
(A) રૂ. ૧.૫૦ (B) રૂ. ૨.૫૦ (C) રૂ. ૩.૫૦ (D) રૂ. ૪.૫૦

૧૮. રાજ્ય સરકારે ગ્રીન કવર વધારવાના હેતુથી ગુજરાતની કુલ કેટલી નદીઓના કિનારે વૃક્ષ ઉછેર ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કર્યો?
(A) ૧૧૧ (B) ૧૮૫ (C) ૯૭ (D) ૫૬

૧૯. રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતના પ્રમુખોને જિલ્લાવાર ........ની વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો હતો.
(A) રૂ. ૧ કરોડ (B) રૂ. ૫૦ લાખ
(C) રૂ. ૭૫ લાખ (D) રૂ. ૯૦ લાખ

૨૦. ભારત સરકારના દિશાનિર્દેશ હેઠળ કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ ........ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.
(A) ૩ (B) ૫ (C) ૭ (D) ૯

જવાબ: 1 (C), 2 (D), 3 (B), 4 (A), 5 (D), 6 (B), 7 (C), 8 (A), 9 (A), 10 (B), 11 (A), 12 (B), 13 (C), 14 (D), 15 (B), 16 (A), 17 (D), 18 (B), 19 (A), 20 (D)

**ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.**

# ઇ-નગર પોર્ટલ : આપણાં શહેરોની સુવિધા હવે આંગળીના ટેરવે




**બેલા મહેતા**


ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા નાગરિકોની સેવા માટે શરૂ કરવામાં આવેલી ડિજિટલ સેવા એટલે ઈ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in). આ પોર્ટલ નાગરિકો માટે ઈ-ગવર્નન્સનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ સેવાનો મુખ્ય હેતુ રાજ્યની તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ નાગરિક-કેન્દ્રિત સેવાઓને પારદર્શક રીતે અને સમયસર એક જ મંચ પરથી ઉપલબ્ધ કરાવવાનો છે.

### પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ

- લઘુતમ ખર્ચ, સમયમાં કાર્યદક્ષતા, પારદર્શકતા અને સ્કેલેબલ વેબ આધારિત નાગરિક કેન્દ્રિત સેવાની સરળ ઉપલબ્ધિ આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ છે. બેંક ઑફિસ ઑપરેશન સપોર્ટ સિસ્ટિમ દ્વારા સરળતાથી લોકોપયોગી બનાવી શકાય અને ગુજરાતની તમામ નગરપાલિકાઓ વચ્ચે સંકલન સાધી કાર્ય કરી શકાય તેવા હેતુ સાથે આ પોર્ટલ સક્રિય છે.
- ઈ-નગર પ્રોજેક્ટ "Think Big, Start Small and Scale Fast"ના અભિગમ પર આધારિત છે. તે નાગરિકોને તેમના વિસ્તારમાં જ સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરે છે. આ પોર્ટલનો હેતુ સામાન્ય માણસની પાયાની જરૂરિયાતો ઝડપથી સંતોષવાનો છે.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે ગુજરાત શહેરી વિકાસ મિશન (Gujarat Urban Development Mission)ને ઈ-નગર પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કર્યું છે. ઈ-નગર પ્રોજેક્ટમાં ૧૫૦ નગરપાલિકાઓ અને ૧૭ મહાનગરપાલિકાઓને આવરી લેવામાં આવી છે.

### *લાભ*

- *ઈ-નગર પોર્ટલ નાગરિકો અને સરકારી તંત્ર બંને માટે ખૂબ જ લાભદાયક છે. તે રૂબરૂમાં કચેરીની મુલાકાતના સમય અને શક્તિને ઘટાડી તેનો વ્યય થતા અટકાવે છે.*
- *ઓનલાઈન પેમેન્ટ ગેટવેની સુવિધાથી ચૂકવણીની પ્રક્રિયા પણ સરળ અને પારદર્શક બને છે.*
- *આ પોર્ટલ ગુજરાતના શહેરી જીવનને વધુ સુવિધાજનક બનાવે છે તે ડિજિટલ પ્રયાણ માટેનું એક મોટું પગલું છે.*
- *નાગરિકો આ સેવાઓ eNagar Portalની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ ઍપ્લિકેશન દ્વારા એક્સેસ કરી શકે છે.*



# લોકહૃદયનો ગુંજતો સ્વર
# સૈયર મોરી રે...

**અરુણા ડાવરા**

ગુજરાતી સાહિત્યમાં લોકજીવન અને લોકસંસ્કૃતિનાં મૂળિયાં ખૂબ ઊંડાં છે. ગુજરાતી લોકગીતો આપણી ગળથૂથીમાં છે. વર્ષોથી લોકકંઠે ગવાતાં અને લોકજીવન સાથે વણાઈ ગયેલાં લોકગીતો તેનું અસલ સૌંદર્ય ખોઈ રહ્યાં છે ત્યારે 'સૈયર મોરી રે' જેવું પુસ્તક વાચકને આપણી લોકસંસ્કૃતિમાં ડોકિયું કરવા પ્રેરિત કરે છે.

સૌરાષ્ટ્ર પાસે ઓખાથી મહુવાનો દરિયો ભરાઈ જાય એટલાં લોકગીતો છે. આ પુસ્તકની શરૂઆતમાં જ જ્યારે આપણે "સૈયર મોરી રે ! એકલડા કેમ રહીએ, અલૂણાં લાગે આંગણાં રે લોલ" આ પંક્તિઓ વાંચીએ ત્યારે પ્રોષિતભર્તૃકા સ્ત્રીની વેદના પડઘાય છે.


ગુજરાતી લોકસંગીતમાં શૌર્ય પણ અદ્ભુત છે, આ પુસ્તકને શૌર્ય રંગનો શણગાર સજાવતું 'ના છડિયાં હથિયાર અલાલા બેલી, મરણેજો હકડી વાર, દેવોભા ચ્યેતો...' શૌર્ય ગીતના એક એક શબ્દ બહારવટિયાની ખુમારીના દર્શન કરાવે છે. જ્યારે "સૂડલા તારી બોલી મને" આ ઉત્તર ગુજરાતી લોકબાનીનું બહુ રૂડું અને લોકકંઠે વસેલું લોકગીત છે. લોકભોગ્ય ગીત 'રાજા જનક ઘેર માંડવો સાહેલડી' તેમજ ગુજરાતીઓના હૃદયમાં માળો કરીને બેઠેલો 'મણિયારો' ગીત, મસ્ત અને ઓછું જાણીતું લોકગીત - 'ઊંડો કૂવો ને જળ આછર્યાં, જોબનિયું લે'રાતું જાય' અને 'આવી આવી વગડા વીંધી વેલ જો, ઘૂઘરિયે ઘમઘમતા આવ્યા ઘોડલા' જે દીકરીને પિયરમાં આણું તેડવા આવ્યા એ વેળાનું હરખગાન છે. 'સાત સાત ભાયુંની એક બહેનડી રે લોલ' જે કરુણરસને છલકાવતું લોકગીત છે. તો વળી 'મારા ફળિયા વચ્ચે લીલીપીળી લીમડી રે' સાવ સરળ અને તરત સમજાય જાય એવું લોકગીત પણ ખરું. આવા કેટલાંય લોકગીતોથી મઢાયેલા આ પુસ્તકના વિષયવસ્તુને અનુરૂપ AI સર્જિત આકર્ષક જલરંગોમાં બનાવાયેલાં રંગીન ચિત્રો એક અલગ જ ભાવ વિશ્વમાં લઈ જાય છે. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત પુસ્તકો પૈકી આ પ્રથમ પુસ્તક છે, જેમાં અનુરૂપ ચિત્ર માટે AIનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

લોકગીતોના તાંતણે ગૂંથાયેલી લાગણીઓને વાચા આપતા આ પુસ્તકની સૌથી મોટી વિશેષતા શ્રી નીલેશ પંડ્યા દ્વારા કરાયેલું લોકગીતોનું રસદર્શન છે. અત્યાર સુધી માત્ર લોકગીતો જ પુસ્તકસ્થ જોવા મળ્યાં હશે પરંતુ આ પુસ્તકમાં લોકગીતોનું રસદર્શન આ પુસ્તકનો શ્વાસ છે. આંખોને આકર્ષિત કરતાં તમામ ચિત્રો અને તળપદી બોલીના લહેકા સાથેની રસાળ ભાષા શૈલી ધરાવતું આ પુસ્તક વાચકને લોકગીત ગાવા માટે તત્પર કરી દે છે.

લોકગીતોના માધ્યમથી લોકસંસ્કૃતિને પ્રતિબિંબિત કરવાના પ્રયાસરૂપ 'સૈયર મોરી રે 'પુસ્તકના કુલ ૧૮૨ પૃષ્ઠમાં પંચાવન લોકગીતો સમાવાયા છે. આ પુસ્તકનાં ૧૭૯થી ૧૮૨ પાનાં નોંધ રૂપે વાચકો માટે રાખવામાં આવ્યા છે. માહિતી ખાતા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રકાશિત આ પુસ્તકમાં ડિઝાઈન અને લેઆઉટ ક્રેઓન ક્રિએટિવ એન્ડ મીડિયા એજન્સી, ગાંધીનગર દ્વારા, પ્રોસેસિંગ અને મુદ્રણ સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.

અનેક પારિતોષિક મેળવનારા લોકગાયક, લોકસાહિત્યકાર, કૉલમિસ્ટ તેમજ પત્રકાર શ્રી નીલેશ પંડ્યાએ આ પુસ્તકનું લેખન - સંકલન કર્યું છે. લોકગીતોની લોકસંસ્કૃતિને અવિરત જાળવી રાખવાના અટલ સંકલ્પ સાથેની શ્રી નીલેશ પંડ્યાની લોકગીત પ્રત્યેની શ્રદ્ધા અને લગનને આ પુસ્તકમાં પ્રતિબિંબિત થતી જોઈ શકાય છે.

'સૈયર મોરી રે' પુસ્તક માત્ર લોકગીતોની પ્રસ્તુતિ નથી પરંતુ વર્તમાન પેઢી માટે આપણી આગવી સંસ્કૃતિને ઓળખવાનો અનેરો અવસર છે.



# ૨૦૨૬

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



**આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ**

### જાન્યુઆરી 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |

### ફેબ્રુઆરી 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |

### માર્ચ 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |

### એપ્રિલ 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | | |

### મે 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 31 | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |

### જૂન 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | | | | |

### જુલાઈ 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | 31 | |

### ઓગસ્ટ 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 30 | 31 | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |

### સપ્ટેમ્બર 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | | | |

### ઓક્ટોબર 2026


| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |


### નવેમ્બર 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | | | | | |


### ડિસેમ્બર 2026

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | 31 | | |









## ત્રણ હજાર ડ્રોનથી સર્જાયો અદ્ભુત નજારો




**Published on Date : 16-1-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : PSO, Ahmedabad on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦